તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક
કાર્તિક આર. ઉપાધ્યાય



જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

Happy Janmashtami

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800 • E-mail : saurashtrabhoomi@gmail.com • Website : www.saurashtrabhoomi.com

વર્ષ : ૪૫ અંક : ૨૧૯ જૂનાગઢ તા.૨૮-૮-૨૦૨૧ શનિવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

# અફઘાનિસ્તાનમાં IS નાં અડ્ડાઓ ઉપર અમેરીકાનો ડ્રોન હુમલો : કાબુલ વિસ્ફોટનો માસ્ટર માઈન્ડ ઠાર

## કાબુલ એરપોર્ટ ઉપર આજે પણ ફાયરીંગ : વધુ ત્રાસવાદી હુમલાની આશંકા : અમેરીકાએ એલર્ટ જારી કર્યુ

કાબુલ, તા.૨૮

અફઘાનિસ્તાનના કાબુલ એરપોર્ટ ઉપર બોંબ ધડાકો કરી અમેરિકા સહિત સમગ્ર વિશ્વને હચમચાવી નાખનાર આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટના ખરાબ દિવસો' શરૂ થઈ ગયા છે. કાબુલ એરપોર્ટ ઉપર થયેલા ધડાકામાં પોતાના ૧૩ સૈનિકો ગુમાવનાર અમેરિકા બદલાની આગમાં સળગી રહ્યુ છે અને હુમલાના માત્ર ૪૮ કલાકમાં જ અમેરિકાએ અફઘાનિસ્તાનમાં ISના આતંકીઓ વિરૂધ્ધ એર સ્ટ્રાઈક કરી છે અને તેમાં કાબુલ હુમલાનો મુખ્ય ષડયંત્રકાર માર્યો ગયો છે.

અમેરિકાએ આજે વહેલી સવારે પોતાને ઈસ્લામિક સ્ટેટ ગણાવતા આતંકવાદી સંગઠનનાં અડ્ડાઓ ઉપર ડ્રોન હુમલા કર્યા છે. અહેવાલ છે કે, અમેરિકાએ અફઘાનિસ્તાનના કાબુલ એરપોર્ટ પાસે થયેલા વિસ્ફોટોનો બદલો લીધો છે. પેન્ટાગોને શનિવારે આ માહિતી આપી હતી. એરપોર્ટ ઉપર આત્મઘાતી બોમ્બ ધડાકામાં ઓછામાં ઓછા ૧૬૯ લોકો માર્યા ગયા હતા. ૧૩ અમેરિકન સૈનિકો પણ આ આતંકી હુમલામાં જીવ ગુમાવનારાઓમાં સામેલ છે. ઈસ્લામિક સ્ટેટના ખોરાસન મોડલે આ બોમ્બ ધડાકાની જવાબદારી સ્વીકારી હતી. આ દરમ્યાન અમેરિકાએ કાબુલ એરપોર્ટ ઉપર બીજા હુમલાની શકયતા વ્યકત કરી છે અને તેના નાગરિકોને તાત્કાલિક બહાર જવા વિનંતી કરી છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ સેનાએ નંગહાર પ્રાંતમાં આ હુમલા કર્યા છે. સુરક્ષાના કારણોસર, અમેરિકી નાગરિકોને વિભિન્ન દરવાજા મારફતે કાબુલ એરપોર્ટ છોડવાનું કહેવામાં આવ્યું છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડના પ્રવકતા કેપ્ટન બિલ અર્બને એક નિવેદન બહાર પાડ્યું, યુએસ લશ્કરી દળોએ આઈએસઆઈએસ-કે પ્લાનર વિરૂધ્ધ આતંકવાદ વિરોધી ઓપરેશન હાથ ધર્યું.' ઈસ્લામિક સ્ટેટનાં ખોરાસન જુથે કાબુલ એરપોર્ટ ઉપર હુમલાની જવાબદારી લીધી હતી. જોકે, આ ડ્રોન હુમલાથી આઈએસને થયેલા નુકસાન વિશેની હજી કોઈ માહિતી નથી મળી.

આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ કાબુલ એરપોર્ટ ઉપર આજે પણ ફાયરીંગ થયું છે. અમેરીકાએ નાગરીકોને તત્કાલ કાબુલ એરપોર્ટથી ખસી જવા જણાવી એલર્ટ જારી કર્યુ છે.

## કોરોનાને હળવો સમજવાની ભુલ નહી કરતા : સપ્ટેમ્બરનાં પ્રથમ સપ્તાહમાં ત્રીજી લહેરની પુરી સંભાવના

રાજકોટ તા. ૨૮

આવતા મહિને જ કોરોનાની ત્રીજી લહેર દેખા દે તો નવાઈ નહીં, લોકો નિયમોનું પાલન કરવામાં ચૂકી જાય છે. રાજકોટ સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના હેડ ડો.હેતલ ક્યાડા સાથે વાતચીત કરતા ચોંકાવનારી વિગતો જાણવા મળી છે. ડો.હેતલ ક્યાડા ગુજરાતમાં સૌથી વધુ કોરોના મૃતદેહની ઓટોપ્સી કરનાર ડોક્ટર છે. તેઓએ જણાવ્યું હતું કે, સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયા કે પખવાડિયામાં ત્રીજી લહેર આવે તેવી સંભાવના છે. વેક્સિનના બે ડોઝ લેનાર લોકોને આ લહેરમાં ઓછી અસર થશે. સંશોધનના પેપર કેન્દ્ર અને વિદેશ મોકલવામાં આવ્યા છે. આ રિસર્ચ પેપર ઉપરથી SOP અને અમુક દવા બનાવવામાં આવી છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોનાની ઘાતક બીજી લહેર પુર્ણ થયાબાદ હવે ત્રીજી લહેરની દહેશત જોવા મળી રહી છે. આ રીતે હાલ લોકો નિયમોનું ઉલ્લંઘન કરી છૂટથી હરી-ફરી રહ્યાં છે. આ જોતા સપ્ટેમ્બરનાં પ્રથમ પખવાડિયામાં ત્રીજી લહેર દસ્તક દે તેવી પુરી સંભાવના છે. જોકે વેક્સિનેશન સારા પ્રમાણમાં થયું હોવાથી તેની તિવ્રતા ઓછી હોય તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. સાથે જ કોરોના દર્દીઓની સૌથી વધુ ઓટોપ્સી રાજકોટમાં થઈ છે. આ ઓટોપ્સી બાદ કેન્દ્ર સરકારને મોકલવામાં આવેલા રિસર્ચ પેપર ઉપરથી નવી SOP તૈયાર કરવામાં આવી છે. એટલું જ નહીં તેના પરથી અમુક દવાઓ પણ બનાવવામાં આવી છે.

## નાગરીકોનાં સ્વાસ્થ્ય અને સુરક્ષા મામલે ગુજરાત સરકાર સામે સુપ્રિમ કોર્ટ નારાજ

નવી દિલ્હી,તા.૨૮

સુપ્રીમ કોર્ટે ગઈ કાલે ગુજરાત સરકારની તે અધિસૂચના ઉપર રોક લગાવી દીધી છે જેમાં કહેવામાં આવ્યું છે કે જે હોસ્પિટલો પાસે ભવન ઉપયોગની મંજૂરી નથી તેના ઉપર કાર્યવાહી કરવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે તેના ઉપર નારાજગી વ્યકત કરતા કહ્યું કે સરકારે નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા ઉપર ધ્યાન આપ્યું નથી. ગત સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે ગુજરાતની હોસ્પિટલોમાં આગની ઘટનાઓને લઈને રાજય સરકાર ઉપર ઘણી નારાજગી વ્યકત કરી હતી.

કેસની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે હોસ્પિટલોમાં આગ લાગવાની ઘણી ઘટનાઓ માનવીય ત્રાસદી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી સ્થિતિ ના હોય કે નાની-નાની બિલ્ડિંગોમાં હોસ્પિટલ ચાલવા લાગે. જયાં નિયમોનું પાલન જ ના થતું હોય.

આગની ઘટનાઓ ઉપર નારાજગી વ્યકત કરતા કોર્ટે કહ્યું કે રાજયોએ સ્ટેડિયમ કે પછી બીજા સ્થાનો ઉપર કોવિડ કેયર સેન્ટર ખોલવા જોઈએ. જસ્ટિસ એમઆર શાહ અને જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડની બેન્ચેઆ કેસની સુનાવણી કરીહતી.

સુનાવણી દરમ્યાન જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે આપણે લોકોને મહામારીથી બચાવવાના બદલે આગથી લોકોને મારી રહ્યા છીએ. બીયૂની મંજૂરીથી જો બે રૂમના સ્થાનને હોસ્પિટલમાં ફેરવવામાં આવે તો તમારે મંજૂરી લેવી પડશે. જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે આપણે બધુ ના કરી શકીએ પણ જે આપણી પહોંચમાં છે તે કરવું જોઈએ. તેમણે ટિપ્પણી કરી કે યોજના અધિકારીઓ વચ્ચે એક માફિયા લિંક છે જેનાથી આપણા નાગરિક પીડિત છે. આપણે તેને મંજૂરી આપીએ તો તેનો મતલબ એ હશે કે આપણે મિલીભગતથી કામ કરી રહ્યા છે.

## ભારતમાં ફરીવાર કોરોના માથું ઉંચકી રહયો છે : ૨૪ કલાકમાં ૪૬૭૫૯ કેસ

નવી દિલ્હી, તા ૨૮ઃ ભારતમાં કોરોનાનાં વધતા ગ્રાફે ફરી એક વખત ડરાવવાનું શરૂ કરી દીધું છે. કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા દરરોજ વધી રહી છે. છેલ્લા ઘણા દિવસોથી કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૪૦ હજારથી ઉપર જઈ રહી છે, જે ત્રીજી લહેર આહટથી ઓછી નથી. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૪૬ હજાર ૭૫૯ નવા કેસ નોંધાયા છે. જયારે આ સમયગાળા દરમિયાન ૫૦૯ દર્દીઓના મોત થયા છે. નવા કોરોના દર્દીઓ મળ્યા પછી, હવે દેશમાં સંક્રમિત લોકોની કુલ સંખ્યા વધીને ૩ કરોડ ૨૬ લાખ ૪૯ હજાર ૯૪૭ થઈ ગઈ છે.

## અમેરીકામાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો : ૨૪ કલાકમાં ૧ લાખથી વધુ કેસ

વોશીંગ્ટન તા. ૨૮

અમેરિકામાં એક જ દિવસમાં કોરોના સંક્રમણના ૧ લાખ કેસ નોંધાતા ફરી ચિંતા વધી ગઈ છે. યુએસના ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસના જણાવ્યા અનુસાર ડેલ્ટા વેરિએન્ટના કેસમાં ઝડપથી વધારો થઈ રહયો છે. છેલ્લા ૮ મહિનામાં સૌથી વધુ ૧ લાખ જેટલા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. ગત માસની સરખામણીમાં કોરોનાના કેસની સંખ્યા બમણી થઈ ગઈ છે. સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના આંકડા મુજબ દરરોજ ૫૦૦ લોકો હોસ્પિટલમાં દાખલ થઈ રહયા હતા તેમાં પણ ઝડપથી વધારો જોવા મળે છે.

અમેરિકામાં કોરોના સંક્રમણે ચિંતા વધારી છે. દક્ષિણ અમેરિકા વિસ્તાર કોરોનાનું કેન્દ્ર બનેલું છે. સૌથી વધુ કેસ ફલોરિડામાં નોંધાયા છે.

[redacted]

### કાર્યાલય બંધ

સાતમ, આઠમ જન્માષ્ટમીનાં તહેવાર નિમિતે સૌરાષ્ટ્રભૂમિ દૈનિક કાર્યાલય રજા પાળતું હોય, કાર્યાલયમાં રજા રહેશે. બુધવારે કાર્યાલય રાબેતા મુજબ શરૂ થશે.

- વ્યવસ્થાપક

### ભાડે / વેચાણથી આપવાનું છે

બહાઉદીન કોલેજની સામે મેરીગોલ્ડ-૩માં બીજા માળે, રોડ ટચ ૧૬૦૦ સ્કે.ફુટ કોર્નરનું (કાર્પેટ), પુજારા મોબાઈલ ઉપર ભાડે - વેચાણથી આપવાનું છે.

મો. ૯૮૨૫૯ ૧૮૯૧૭

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

### ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

## અનામતથી જાતિ વ્યવસ્થા મજબુત થઈ રહી છે સમગ્ર કોન્સેપ્ટ જ ખોટો : મદ્રાસ હાઈકોર્ટ

ચેન્નાઈ,તા. ૨૮

અનામતને લઈને વારંવાર અનેક વિવાદો ચાલી રહ્યા છે. એવામાં મદ્રાસ હાઈકોર્ટે કહ્યું છે કે અનામતનો વધી રહેલો ટ્રેંડ જાતિ વ્યવસ્થાને ખતમ કરવાને બદલે વધુ મજબુત બનાવી રહ્યો છે. હાઈકોર્ટ ઓલ ઈન્ડીયા કોટા કેટેગરીમાં મેડિકલ બેઠકો ઉપર અનામતના મામલાની સુનાવણી કરી રહી હતી. જે દરમ્યાન આ નિવેદન જજો દ્વારા આપવામાં આવ્યું હતું. સુનાવણી દરમ્યાન મદ્રાસ હાઈકોર્ટની બેંચે કહ્યું કે જાતિ વ્યવસ્થાને ખતમ કરવાને બદલે વર્તમાન પ્રવૃત્તિઓ તેને વધુ મજબુત બનાવી રહી છે. અનામતને અંતહીન સમય માટે લંબાવવામાં આવી રહી છે જયારે અનામત એક ચોક્કસ સમય માટે જ હતી. અનામત એટલા માટે પણ લાગુ કરવામાં આવી હતી કે જેથી લોકશાહીમાં અસમાનતાને દુર કરી શકાય.

કોઈ દેશની વયને મનુષ્યની ઉમર સાથે ન જોડી શકાય પણ ૭૦ વર્ષમાં આપણે વધુ પરિપકવ થવું જોઈએ. અનામતનો પુરો કોન્સેપ્ટ જ ખોટો છે. તે સાથે જ હાઈકોર્ટે ઓલ ઈન્ડીયા કવોટા અંતર્ગત એમબીબીએસ પ્રવેશમાં સવર્ણોને આર્થિક તેમજ સામાજિક કમજોર વર્ગ માટે ૧૦ ટકા કોટાને અસ્વીકાર કરી દીધો હતો. હાઈકોર્ટે કહ્યું કે આ ૧૦ ટકા અનામતને પગલે કોટાની ૫૦ ટકાની મર્યાદા ખતમ થઈ જશે જે યોગ્ય નથી.

## ટોકયો પેરાલિમ્પીકસમાં મહેસાણાની ટેબલ ટેનીસ ખેલાડી ભાવીના પટેલ ફાઈનલમાં પહોંચી : ઈતિહાસ રચાયો

ટોકયો તા. ૨૮

ટોક્યો પેરાલિમ્પિક્સમાં ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલે ફાઈનલમાં પહોંચીને ઈતિહાસ રચ્યો છે. ટેબલ ટેનિસ મહિલા સિંગલ્સની સેમિફાઈનલમાં ભાવિના પટેલે ચીનની ઝેંગ મિયાઓને ૩-૨થી હરાવી હતી. આ મેચ ફક્ત ૧૮ મિનિટમાં જ સમાપ્ત થઈ ગઈ હતી જેમાં મહેસાણાની ભાવિનાએ ચીનની ઝેંગને માત્ર ૧૮ મિનિટમાં ધૂળ ચટાડી હતી ભાવિના પટેલ ગુજરાતના મહેસાણાનીની વતની છે. એક તરફ ટોક્યો પેરાલિમ્પિક્સમાં ભાવિના પટેલ ગોલ્ડ મેડલથી દૂર છે ત્યારે બીજી તરફ વતન મહેસાણામાં આનંદનો માહોલ છે. ભાવિનાનાં પિતા તો અત્યારથી જ દીકરીના સ્વાગત માટે આતુર છે. ભાવિના પટેલના પિતાએ કહ્યુ 'અમને બહુ ખુશી છે, પેરાલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીતીને આવશે અને જીતીને જ આવશે. અમે આ ક્ષણ માટે ૨૪ કલાક મહેનત કરી છે. અંધજન મંડળમાં દિવ્યાંગોને રમતા જોઈને ભાવિનાને વિચાર આવ્યો કે પપ્પા હું પણ કેમ ન રમી શકું અને તેણે રમવાની શરૂઆત કરી હતી. ત્યાંથી અત્યારસુધી તેણે ૬ ગોલ્ડ મેડલ અને આઠ બ્રોન્ઝ મેડલ જીત્યા છે.'

## નિતિન પટેલનાં એક નિવેદનથી બબાલ મચી "જયાં સુધી હિન્દુઓ બહુમતીમાં છે ત્યાં સુધી બંધારણ - ધર્મનિરપેક્ષતા - કાયદાની વાત ચાલશે"

ગાંધીનગર તા. ૨૮ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના એક જાહેર ઉદબોધન ઉપર ભારે બબાલ મચી ગઈ છે. તેમણે કહ્યું છે કે જયાં સુધી હિન્દુઓ બહુમતીમાં છે ત્યાંસુધી બંધારણ, ધર્મનિરપેક્ષતા અને કાયદાની વાત ચાલશે. નિતીન પટેલે કહ્યું હતું કે મારા શબ્દો લખી રાખજો, જો હિન્દુઓની સંખ્યા ઘટશે તો તે દિવસે કોર્ટ, કાયદા, લોકશાહી, બંધારણ નહીં હોય. બધાને હવામાં દફનાવવામાં આવશે.

નિતિન પટેલે ગાંધીનગરના ભારત માતા મંદિર ખાતે આ નિવેદન આપ્યું હતું. આ મંદિર ભારત માતાનું પ્રથમ મંદિર માનવામાં આવે છે.

નિતિનપટેલેઆ નિવેદન આપ્યું ત્યારે રાજ્યના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા અને વીએચપી અને આરએસએસના ટોચના નેતાઓ ત્યાં હાજર હતા તેમ અહેવાલમાં જણાવાયું છે.

## ૭ રાજકીય પક્ષોને રૂા.૪૭૫૮ કરોડની આવક થઈ : એકલા ભાજપને ૭૬ ટકા આવક

નવી દિલ્હી,તા. ૨૮ઃ વિવિધ રાજકીય પક્ષોએ ૨૦૧૯-૨૦માં ૩,૪૨૯.૫૬ કરોડ રૂપિયાનાં ચૂંટણી બોન્ડ્સ રોકડ કર્યા છે, જેમાં ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીને ૮૭.૨૯ ટકા રકમ મળી છે. ચૂંટણી અધિકારો સાથે જોડાયેલી સંસ્થા એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સના રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ભાજપે કુલ આવક ૩૬૨૩.૨૮ કરોડ રૂપિયા જાહેર કરી હતી પરંતુ પાર્ટીએ માત્ર ૪૫.૫૭ ટકા એટલે કે ૧૬૫૧.૦૨ કરોડ રૂપિયા જ ખર્ચ કર્યા હતા. આ નાણાકીય વર્ષમાં કોંગ્રેસ પાર્ટીની કુલ આવક ૬૮૨.૨૧ કરોડ રૂપિયા હતી અને તેણે ૯૯૮.૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. આ રીતે, કોંગ્રેસ પાર્ટીએ આવક કરતાં ૪૬.૩૧ ટકા વધુ ખર્ચ કર્યો. તૃણમૂલ કોંગ્રેસે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૪૩.૬૭ કરોડ રૂપિયા મેળવ્યા અને ૧૦૭.૨૭ કરોડ રૂપિયા ખર્ચ્યા, જે કુલ આવકના ૭૪.૬૭ ટકા છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. ૫૫૦૦* થી શરૂ
MI-GL



બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. સોઢાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

## ચેક આપતા પહેલા ધ્યાન રાખજો : ૧ સપ્ટેમ્બરથી નિયમ બદલાઈ રહયા છે

મુંબઈતા. ૨૮ :જે લોકો બેંકમાં ચેકથી પેમેન્ટ કરે છે અથવા તો ચેક મોકલી રહ્યા છે તો તેમના માટે ખૂબ જ અગત્યના સમાચાર આવ્યા છે. હવે ૧ સપ્ટેમ્બરથી ૫૦,૦૦૦ રૂપિયાથી વધારેનો ચેક આપવાથી તકલીફમાં મુકાઈ શકો છો. આવુ એટલા માટે છે કેમ કે બેંકોએ હવે પોઝિટીવ પે સિસ્ટમને લાગૂ કરવાનું શરૂ કરી દીધુ છે. મોટા ભાગની બેંક ૧ સપ્ટેમ્બરથી લાગૂ કરવા જઈ રહી છે.

એકિસસ બેંક આગામી મહિનાથી પોઝિટીવ પે સિસ્ટમની શરૂઆત કરી રહી છે. બેંક પોતાના કરોડો ગ્રાહકોને SMS દ્વારા તેની જાણકારી આપી રહી છે. હવે નવા નિયમ મુજબ ૧ સપ્ટેમ્બરથી ચેક આપતાં પહેલા તમારે સંપૂર્ણ વિગતો આપવી પડશે. નહિંતર તમારો ચેક રદ થઈ જશે અને તમારે નુકસાન સહન કરવું પડી શકે છે. એકિસસ બેંક સિવાય અન્ય બેંકો પણ પોઝિટિવ પે લાગુ કરી શકે છે.

એકિસસ બેંક સહિત કેટલીક બેંકોએ પીપીએસ ફરજિયાત બનાવ્યું છે, જે અંતર્ગત ગ્રાહકોએ બેંકને નેટ/મોબાઈલ બેંકિંગ દ્વારા અથવા શાખાની મુલાકાત લઈને ચેકની વિગતો આપવી પડશે. ૫૦,૦૦૦ કે તેથી વધુની બેંક ચેક પેમેન્ટ ઉપર પોઝિટિવ પે સિસ્ટમ લાગુ કરવામાં આવશે. જોકે, એકિસસ બેંકના ગ્રાહકોએ પોઝિટિવ પે સિસ્ટમ હેઠળ ચેકની વિગતોની પુષ્ટિ કરવી પડશે, જો તેઓ પાંચ લાખ કે તેથી વધુના બેંક ચેક જારી કરશે તો આ શરતોનું પાલન કરવું પડશે. આ જ રીતે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, કોટક મહિન્દ્રા બેંકે પણ રૂ.૫૦,૦૦૦ થી વધુના ચેક માટે પોઝિટીવ પે સિસ્ટમ લાગુ કરી છે.

### મોદી સ્કૂલ્સ
રાજકોટ (શહેર+ઈશ્વરીયા) જામનગર

GUJARAT 1st



VINIT MEHTA
99.99 PR

GUJCET-2021
120 / 120 માર્કસ
સમગ્ર ગુજરાતના એકમાત્ર વિદ્યાર્થી

My strong foundation from 9th std onwards at Modi schools played a major role in my exemplary achievement in Gujcet-2021.
Mehta Vinit B.

GUJCET-2021
99+ PR ⇨ 35 95+ PR ⇨ 149 90+ PR ⇨ 267

### સાતમ- આઠમનાં તહેવાર નિમિતે ફરસાણ તથા મિઠાઈનાં ભાવમાં
### જંગી કડાકો

| | | |
|---|---|---|
| ફરસાણ | ૧ કિલો | રૂા.૧૪૦ |
| ટેસ્ટફુલ ચવાણું | ૧ કિલો | રૂા.૧૪૦ |
| નાયલોન પાપડી | ૧ કિલો | રૂા.૧૪૦ |
| નાયલોન જીણા ભાવનગરી | ૧ કિલો | રૂા.૧૪૦ |
| ચંપાકલી ગાઠીયા | ૧ કિલો | રૂા.૧૪૦ |
| નાયલોન સક્કરપરા | ૧ કિલો | રૂા.૧૪૦ |
| ચણાના લોટનો મેસુબ | ૧ કિલો | રૂા.૧૪૦ |
| મોરી ખાજલી | ૧ કિલો | રૂા.૧૨૦ |
| મીઠા સાટા | ૧ કિલો | રૂા.૧૨૦ |
| નાગપુરી સોનપાપડી | ૧ કિલો | રૂા.૧૨૦ |
| મોહનથાળ | ૧ કિલો | રૂા.૧૨૦ |
| લિસાલાડુ | ૧ કિલો | રૂા.૧૨૦ |
| બુન્દી લાડુ | ૧ કિલો | રૂા.૧૨૦ |
| બોમ્બેનો સુકો હલવો | ૧ કિલો | રૂા.૧૬૦ |
| ટોપરાનો મેસુબ | ૧ કિલો | રૂા.૧૮૦ |
| ઓછી ખાંડની બરફી | ૧ કિલો | રૂા.૨૨૦ |
| સ્પે. પેંડા | ૧ કિલો | રૂા.૨૪૦ |

તેમજ અવનવી ઘણી વાનગીઓ મળશે

### રાજતિલક સ્વીટ માર્ટ
સુખનાથ ચોક, સંઘાડીયા બજાર, જૂનાગઢ. મો. ૯૮૨૪૨ ૨૦૪૩૪

એક Bazaar®
એક દેશ • એક માર્કેટ • ઘણી ભાષાઓ
ટ્રેડ | ટેન્ડર | ઈન્વેસ્ટમેન્ટ
અબ દુનિયા સે ધંધા આપકી ભાષામે
એક મહિના માટે ચાર્જ | ખેડુત ૧૦૦/- | કારીગર ૧૫૦/- | SME & MSME ૨૫૦/-
ફ્રી ટ્રાયલ માટે આજે લોગ ઈન કરો www.ekbazaar.com
M. 9019217734 , 7676911802 • Help Line : 18003091349

# તપાસ એજન્સીઓ પણ ન્યાયતંત્રની જેમ માનવબળ અને આંતરમાળખાકીય અભાવનો સામનો કરી રહી છે : મુખ્ય ન્યાયમુર્તિ રમન્ના

નવી દિલ્હી તા.૨૮

સુપ્રીમકોર્ટે બુધવારે જણાવ્યું હતું કે, સીબીઆઈ અને એનફોર્સમેન્ટ ડીરેકટોરેટ(ઈડી) જેવી તપાસ એજન્સીઓ ઉપર પણ કામનું વધુ પડતું ભારણ છે અને તેમને પણ ન્યાયતંત્રની જેમ મેનપાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવનો સામનો કરવો પડી રહ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીસ એન.વી. રમન્નાના વડપણ હેઠળની ડિવિઝન બેંચે આ પરિસ્થિતિને વખોડી કાઢતાં જણાવ્યું હતું કે સાંસદો અને વિધાનસભ્યો સાથે સંકળાયેલા મોટા ભાગના કેસ તપાસ એજન્સીઓ પાસે તપાસના વિવિધ તબક્કામાં અનિર્ણિત અને પડતર છે. તેમણે જણાવ્યું હતું કે, અમે તપાસ એજન્સીઓને નિરૂત્સાહ બનાવવા માંગતાં નથી. તેમના ઉપર પણ વધારે પડતો કાર્યબોજ છે. એજ રીતે એક ટ્રાયલ કોર્ટ ૧૦૦૦ જેટલા કેસો સાથે કામ લે છે. તમે તેમની પાસે કાર્ય કરે તેવી અપેક્ષા કઈ રીતે રાખી શકો ? અમે ચોક્કસ કાયદા હેઠળ આ કેસો સાંભળવા સ્પેશિયલ કોર્ટને જણાવ્યું છે. પરંતુ તેમાં કોઈ કાર્યવાહી થઈ નથી. આ ડિવિઝન બેંચના અન્ય સભ્યોમાં જસ્ટીસ ડી વાય ચંદ્રચૂડ અને જસ્ટીસ સૂર્યકાંતનો પણ સમાવેશ થાય છે. તેઓ વર્ષોથી વર્તમાન અને પૂર્વ સંસદસભ્યો અને વિધાનસભ્યો સામે પડતર સેંકડો ક્રિમિનલ કેસ અંગેની એક પિટિશનની સુનાવણી કરી રહ્યાં હતાં. આમાંના કેટલાક કેસોની તો સીબાઈ કે ઈડી જેવી તપાસ સંસ્થાઓ દ્વારા તપાસ કરવામાં આવી છે તેમ છતાં કેસો એક દાયકા કરતાં વધુ સમયથી પડતર છે. મુખ્ય ન્યાયમૂર્તિએ જણાવ્યું છે કે અમે જાણીએ છીએ કે શ્રમ શક્તિ મુળ મુદ્દો છે. આપણે તેમાં વ્યવહારૂ અભિગમ દાખવવો પડશે. અમારી જેમ જ તપાસ એજન્સીઓ મેનપાવરના અભાવનો સામનો કરી રહી છે અને બીજુ આજે દરેક વ્યક્તિ સીબીઆઈ તપાસ ઈચ્છે છે.

તેમણે સોલિસીટર જનરલ તુષાર મહેતાને જણાવ્યું હતું કે અમને આ મુદ્દા ઉપર તમારો સહકાર જોઈએ. આપ અમને તપાસ એજન્સીઓમાં મેનપાવરના અભાવ અંગે માહિતગાર કરો. સુપ્રીમકોર્ટ જઘન્ય અપરાધોમાં દોષિત સાંસદો અને વિધાનસભ્યોના ચૂંટણી લડવા ઉપર આજીવન પ્રતિબંધ અને તેમની વિરૂધ્ધના કેસોનો જલ્દી નિવેડો લાવવા માટે દાદ માંગતી વકીલ અશ્વિની ઉપાધ્યાયની જનહિતની અરજી ઉપર સુનાવણી કરી રહી હતી. અદાલતના મિત્ર (એમિકસક્યુરી) અને સિનીયર એડવોકેટ વિજય હંસારીયાએ સુપરત કરેલ રિપોર્ટમાં જણાવાયું હતું કે, ૫૧ સાંસદો અને ૭૧ વિધાનસભ્યો સામે પીએમએલએ એક્ટ હેઠળ ગુનાઓ નોંધાયેલા છે.

# પોતાના ઈકોનોમિક કોરિડોરને કાબુલ સુધી વિસ્તરણ કરવાની ચીનની ચાલ

નવી દિલ્હી તા.૨૮

અફઘાનિસ્તાનમાંથી અમેરિકન દળોની વાપસી અને તાલિબાન દ્વારા અફઘાનિસ્તાનનો કબજો સંભાળવામાં આવ્યા બાદ હવે ચીન હવે પોતાની ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (સીપીઈસી) કાબુલ સુધી લંબાવવાના પોતાના સપનાને સાકાર કરવા પ્રેરાયું છે. આમ અફઘાનિસ્તાનમાં તાલિબાનની સત્તાએ ચીનનો કાબુલ સુધી સીપીઈસી લંબાવવાનું તેનું સપનું આગળ વધારવામાં મદદ કરી છે. ભારત અફઘાનિસ્તાનની ઘટનાઓ ઉપર ચીનના પ્રતિસાદનું સતત મોનિટરીંગ કરી રહ્યું છે અને સૂત્રોએ જણાવ્યું છે કે બેઈજિંગ આ યુદ્ધગ્રસ્ત દેશમાં પોતાની પહોંચ વધારવા પાકિસ્તાનનો ગેરલાભ ઉઠાવવાની તકની રાહ જોઈ રહ્યું છે. ગુપ્તચર અહેવાલો ઉપર આધારીત સમીક્ષા અનુસાર ચીનો અફઘાનિસ્તાનમાં તાજેતરની ઘટનાઓ વચ્ચે કાબુલમાં સીપીઈસી લંબાવવા માટે પેશાવર-કાબુલ મોટર વેનું નિર્માણ કરવા માટેની વધુ ફરી વખત દરખાસ્ત રજૂ કરી છે. અફઘાનિસ્તાનમાંથી અમેરિકાની વાપસીએ દેશમાં ચીનના રસાને ફરી જાગૃત કર્યો છે એવું ગુપ્તચર સમીક્ષા જણાવે છે. અમેરિકાની વાપસી બાદ અફઘાનિસ્તાનમાં ચીન પ્રવેશ કરવાનો પ્રયાસ કરશે એવી ભારતીય સુરક્ષા તંત્રને અપેક્ષા હતી જ. ગઈ સાલ ઈન્ડિયન એરફોર્સના વડા આર કે એસ બદુરીયાએ એક ઈવેન્ટમાં બોલતાં જણાવ્યું હતું કે પાકિસ્તાન ચીનની નીતિનો હાથો બની ગયું છે અને હવે ચીન અમેરિકન દળોની વાપસી બાદ અફઘાનિસ્તાનમાં પ્રવેશવા માટે પાકિસ્તાનનો ઉપયોગ કરી શકે છે. અફઘાનિસ્તાનમાં અમેરિકાની વાપસીએ હવે ચીન માટે આ પ્રદેશમાં વિકલ્પો ખોલી નાખ્યાં છે. ચીન માટે હવે બંને વિકલ્પો છે. એક તો અફઘાનિસ્તાનમાં સીધો પ્રવેશ કરવો અથવા પાકિસ્તાન દ્વારા પ્રવેશ કરવાનો પણ વિકલ્પ છે. સીપીઈસી એ પાકિસ્તાન અને ચીન વચ્ચેનો દ્વિપક્ષીય પ્રોજેકટ છે જેમાં ૩૦૦૦ કિ.મી. જેટલા લાંબા રોડ, રેલવે અને પાઈપ લાઈનના નેટવર્કનો સમાવેશ થાય છે અને આ પ્રોજેકટના પગલે ચીન, પાકિસ્તાન અને અન્ય દેશો વચ્ચે વ્યાપાર થઈ શકશે.

# જૂનાગઢ શહેરમાં મેમણવાડા વિસ્તારમાં થયેલી યુવાનની હત્યા સોપારી આપીને કરવામાં આવી હોવાનો આક્ષેપ : આવેદનપત્ર અપાયું

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરમાં ગત તા.૨૨ સપ્ટેમ્બરનાં રોજ મેમણવાડા વિસ્તારમાં અરબાઝ આરીફભાઈ ગડર નામનાં યુવાનની હત્યા થઈ હતી. આ બનાવમાં જૂનાગઢ શહેર એ ડીવીઝન પોલીસે આઈપીસી ૩૦૨ મુજબ ત્રણ આરોપીઓ સામે હત્યાનું ગુનો નોંધેલ છે.

આ બનાવ અંગે મરણજનાર અરબાઝનાં પિતા આરીફ સુલેમાનભાઈ ગડર અને ફૈઝન ઈલ્યાસભાઈએ ગુજરાતનાં રાજયપાલનો સંબંધોની જીલ્લા પોલીસ વડા મારફત એક આવેદન પત્ર સુપ્રત કરેલ છે. જેમાં આ વિસ્તારનાં કેટલાક ગુંડાતત્વોએ સોપારી આપેનો અરબાઝની હત્યા કરાવી હોવાનો આક્ષેપ કર્યો છે. તેમજ ભોગ બનનાર પરિવારનો ભૂતકાળમાં પણ માથાભારે તત્વોની દહેશતથી જૂનાગઢ મુકીનો ભાગી જવાની ફરજ પડી હોવાનું આવેદનપત્રમાં જણાવેલ છે. આવેદનપત્રમાં હત્યાનાં બનાવમાં સંડોવાયેલ લોકોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી છે.

# ભારતમાં ટ્રાફિક અને પ્રદુષણની સમસ્યા ઘટાડવા એર ટેકસીની સેવાની શકયતા

નવી દિલ્હી તા.૨૮

ભારત કદાચ નજીકના ભવિષ્યમાં એર ટેક્સીની સેવા જોઈ શકશે. આ નવી સુવિધાને પગલે શહેરના રસ્તાઓ ઉપર ટ્રાફિક અને પ્રદૂષણની સમસ્યામાં ઘટાડો થશે. સરકારે ગુરૂવારે જાહેર કરેલી ડ્રોન નીતિ ૨૦૨૧ હેઠળ આ અંગે દાવો કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન જયોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે એર ટેક્સી ક્ષેત્રે સંશોધન કરવામાં આવી રહ્યું છે, ઘણા સ્ટાર્ટઅપ પણ આવી રહ્યા છે. એ સમય દૂર નથી જયારે લોકો ઓલા, ઉબેરની જેમ રસ્તાઓ ઉપર આવી ટેક્સી પણ જોઈ શકશે. નવી ડ્રોન નીતિ હેઠળ આ વાત શકય બની શકે તેમ છે તેવો દાવો કેન્દ્રીય મંત્રી દ્વારા કરવામાં આવ્યો હતો.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે દેશમાં ડ્રોનને સંચાલિત કરવાના નિયમો હળવા બનાવવાની જાહેરાત કરતાં નવા નિયમો જાહેર કર્યા હતા. પહેલાં ડ્રોનના સંચાલન માટે ૨૫ ફોર્મ ભરવાની જરૂર હતી, જેની સંખ્યા હવે ઘટાડીને પાંચ કરવામાં આવી છે. એટલું જ નહીં ઓપરેટરો પાસેથી વસૂલવામાં આવતી ફીના પ્રકારો ૭૨થી ચાર સુધી ઘટાડી દીધા હતા. બુધવારે ડ્રોન નિયમો ૨૦૨૧ની જાહેરાત કરવામાં આવી હતી, તેઓ માનવરહિત એરક્રાફટ સિસ્ટમ (યુએસએ) નિયમો ૨૦૨૧ને વટાવી ગયા છે, જે ૧૨ માર્ચથી અમલમાં આવ્યો હતો. નવા નિયમો હેઠળ ફીનું પ્રમાણ ખૂબ જ નજીવું કરી દેવામાં આવ્યું છે. ફીને ડ્રોનના કદ સાથે જોડવામાં આવી છે. દાખલા તરીકે રિમોટ પાયલોટ લાઈસન્સ માટેની ફી રૂા.ત્રણ હજાર (મોટા ડ્રોન માટે) ઘટાડીને રૂા.૧૦૦ તમામ ડ્રોન માટે અને ૧૦ વર્ષ માટે માન્ય છે. નવા નિયમો હેઠળ વિવિધ મંજૂરીઓની જરૂરિયાત પણ નાબૂદ કરવામાં આવી છે. ડ્રોન સંચાલનના નિયમોમાં પાયાથી પરિવર્તન કરવામાં આવ્યું હતું. કેટલીક મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ મુજબ હવેથી નિયમોના ઉલ્લંઘન બદલ વધુમાં વધુ દંડ ઘટાડી રૂા.એક લાખ કરવામાં આવ્યો છે.

# જૂનાગઢ જિલ્લા શિક્ષણાધિકારીને એક વર્ષ પૂર્ણ થતા વિવિધ શૈક્ષણિક સંઘના સંચાલકો દ્વારા સન્માનિત કરાયા



જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ જિલ્લા શિક્ષણઅધિકારી આર.એસ. ઉપાધ્યાયએ ચાર્જ સંભાળ્યા બાદ એક વર્ષ પૂર્ણ થતા જૂનાગઢ જિલ્લામાં સારી કામગીરીના ભાગરૂપે આર.એસ. ઉપાધ્યાયને વિવિધ સંઘો દ્વારા મોમેન્ટો આપી તેમને સન્માનિત કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ પરબતભાઈ નાઘેરા, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના સભ્ય રાજુભાઈ ભેડા તેમજ સંચાલક મંડળના કનુભાઈ સોરઠીયા, લક્ષ્મણભાઈ, રાવલીયા નરસીભાઈ માંડવીયા તેમજ આચાર્ય સંઘના લુણાગરિયા, પાવાગઢી, કુસુમબેન બારીયા, જયશ્રીબેન તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ વેજાભાઈ પિઠીયા, ગોપાલભાઈ તેમજ માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ નિલેશભાઈ સોનારા, શ્રી જલુ, જીતુભાઈ ખુમાણ તેમજ મેર કન્યા છાત્રાલયના ટ્રસ્ટી તેમજ આચાર્ય રમાબેન બાપોદરાએ સારી કામગીરી બદલ બિરદાવવામાં આવેલા હતા. આ કાર્યક્રમનું સંચાલન ગોપાલભાઈ કરેલ હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ ઉત્કર્ષ મંડળના પ્રમુખ રાઠોડે કરેલ હતી.

# કેશોદ આહિર યુવક મંડળ દ્વારા વિનામૂલ્યે મીઠાઈ ફરસાણનું વિતરણ



(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૮

કેશોદ શહેરમાં ચાર ચોક વિસ્તારમાં આહિર યુવક મંડળ દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે જરૂરતમંદ પરિવારોને વિનામૂલ્યે ફરસાણ અને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેશોદ ડીવાયએસપી જે. બી. ગઢવી ઉપરાંત આહિર યુવક મંડળનાં હમીરભાઈ ભેડા મહેશભાઈ ડાંગર, રાજુભાઈ બોદર, ભીમસીભાઈ કરંગીયા, મેઘાભાઈ સિહાર, ગોવિંદભાઈ, મુકેશભાઈ વિરડા, મેહુલભાઈ ગોંડલીયા સહિતના યુવાનો હાજર રહ્યા હતાં. કેશોદ તાલુકાનાં અખોદર ગામનાં આહિર યુવાનો દ્વારા બે દિવસ જહેમત ઉઠાવી ફરસાણ અનેમીઠાઈ તૈયાર કરી પેકીંગ કર્યુ હતું. કેશોદ શહેરમાં આહિર યુવક મંડળ દ્વારા છેલ્લાં દશ વર્ષથી દર વર્ષે જરૂરતમંદ પરિવારોને વિનામૂલ્યે ફરસાણ અનેમીઠાઈનું વિતરણ કરવામાં આવે છે જે અન્ય સમાજને પ્રેરણા પુરી પાડે છે. કોરોના મહામારી પછી આવેલી વૈશ્વિક મંદી અને આર્થિક મુશ્કેલીઓ વચ્ચે સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને તહેવારો દરમ્યાન ચિંતાતુર હોય છે ત્યારે આહિર યુવક મંડળ દ્વારા જરૂરીયાતમંદ લોકોના ઘરે ઘરે જઈને વિનામૂલ્યે એક કિલો ફરસાણ અનેબે મીઠાઈની કિટોનું વિતરણ કરવામાં આવતાં આ લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે.

# ખંભાળિયા તાલુકાના બેહ ગામે શેઢા બાબતે યુવાનની કરપીણ હત્યા

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયા તાલુકાના બેહ ગામે ગઈકાલે શુક્રવારે બપોરે એક ગઢવી શખ્સ દ્વારા શેઢા બાબતે શેઢા પાડોશી એવા એક ગઢવી યુવાનની ધોકા વડે નિર્મમ હત્યા નિપજાવવામાં આવી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ સમગ્ર પ્રકરણની જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના બેહ ગામે રહેતા ગઢવી રામભાઈ વિરપાલભાઈ સંધીયા નામના આશરે ૪૨ વર્ષના યુવાન સાથે આજ વિસ્તારમાં રહેતા વેજાણંદ નાગાજણ પતાણી નામના શખ્સ સાથે બાજૂ બાજુમાં વાડીનો શેઢો હોય, આ બાબતે ગઈકાલે શુક્રવારે બપોરે બોલાચાલી થઈ હતી. જેના અનુસંધાને આરોપી વેજાણંદ નાગાજણ પતાણીએ રામભાઈ સંધીયા ઉપર લાકડાના ધોકા વડે હૂમલો કર્યો હતો. આ હુમલાના કારણે માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં રામભાઈને ખંભાળિયાની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે જામનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવે તે પહેલાં જ તેમણે અંતિમ શ્વાસ ખેંચતા હતા. આરોપી શખ્સ દ્વારા શેઢાની તકરારમાં મૃતકના ભાઈ ધનાભાઈને પણ લાકડી વડે માર મારી ઈજાઓ પહોંચાડી હોવાનું વધુમાં જાહેર થયું છે. આ બનાવ બનતા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મૃતકના નાનાભાઈ ધનાભાઈ વીરપારભાઈ સંધીયાની ફરિયાદ ઉપરથી આરોપી વેજાણંદ સામે મનુષ્ય વધની કલમ મુજબ ધોરણસર ગુનો નોંધી, અહીંના પીઆઈ. વી.વી.વાગડીયા દ્વારા આરોપીને ઝડપી લેવા માટે વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો આજે જન્મદિવસ

આજે ૨૮ ઓગસ્ટ એટલે ઝવેરચંદ મેઘાણીનો જન્મ દિવસ. ઝવેરચંદ મેઘાણીનો જન્મ ચોટીલામાં ૨૮ ઓગસ્ટ ૧૮૯૬માં થયો હતો. તેમના માતાનું નામ ધોળીબાઈ અને પિતાનું નામ કાલીદાસ હતું. આજે ઝવેરચંદ મેઘાણની ૧૨૫મી જન્મજયંતી છે. રાજકોટના સદર વિસ્તારમાં આવેલી શાળામાં તેઓ પહેલું ધોરણ ભણ્યા હતા. ઝવેરચંદ મેઘાણીએ બાલ્યકાળથી બગસરાને પોતાનું વતન બનાવ્યું અને પોતાની જિંદગીનો સૌથી મોટો ભાગ તેમણે બગસરામાં પસાર કર્યો છે.

૧૧ વર્ષની ઉંમરે તેઓ બગસરા આવી ગયા હતા. ૧૯૧૦માં તેઓ માધ્યમિક શાળાના અભ્યાસ માટે અમરેલી આવ્યા હતા. તે સમયની સરકારી શાળા હાલમાં શ્રીમતી એમ.ટી. અને ટી.પી. ગાંધી ગર્લ્સ હાઈસ્કુલ તરીકે ઓળખાતી હતી. શાળામાં તેમણે બે વર્ષ અભ્યાસ કર્યો હતો. તેમને રાષ્ટ્રીય શાયર તરીકે ઓળખવામાં આવે છે. ૧૯૧૨માં અમરેલીથી મેટ્રિક પરીક્ષા પાસ કરી ત્યારબાદ જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાંથી અંગ્રેજી અને સંસ્કૃત વિષય સાથે ૧૯૧૭માં સ્નાતકની પરીક્ષા પાસ કરી હતી. કમાવા માટે કલકત્તા ગયા હતા. એલ્યુમિનિયમના કારખાનામાં કાર્ય કર્યું હતું.

ત્રણ મહિના ઈંગ્લેન્ડમાં પણ રહેલા હતા. મેઘાણી બગસરામાં પત્રકારત્વ ક્ષેત્રે પોતાની કારકિર્દીની શરૂઆત કરે છે. સૌરાષ્ટ્રની રસધાર, ચારણ કન્યા, સોરઠી બહારવટીયા, ચુંદડી તુલસીક્યારો, માણસાઈના દીવા વગેરે તેમના લોકપ્રિય સર્જનો છે. યુગવંદના તેમની કવિતા ગાંધી યુગના કવિઓ કરેલી શબ્દ વંદના છે. મેઘાણીની સર્જકપ્રતિભાનો અને સામાજિક નિસબતનો હિસાબ આપતી વેવિશાળ તુલસીક્યારો અને નિરંજન જેવી નવલકથાઓ જોવા મળે છે. તેઓ નવા વલણ સામે પરંપરાને પણ મહત્વ આપે છે. તેમણે ચાર નાટ્યગ્રંથો, સાત નવલિકાગ્રંથો, છ ઈતિહાસ અને તેર જીવનચરિત્રો લખ્યા હતા. ૯ માર્ચ ૧૯૪૭માં તેમનું અવસાન થયું હતું.

**લેખન : ડો. પંકજકુમાર એમ. મુછડીયા-રાજકોટ**


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦,

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ફલેટ વેંચવાનો છે
જૂનાગઢમાં અંબીકાચોકમાં આવેલ શ્રધ્ધા-બી/એપાર્ટમેન્ટમાં 2 BHK બ્લોક નં. ૩૦૧ ફલેટ વેચવાનો છે
: કોન્ટેક :
મો. ૮૬૯૦૧ ૧૭૧૧૭

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે જ સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

ડાંગરા ચોકમાં
કલ્યાણ સ્વીટસની લાઈનમાં ૯ x ૧૫ ફુટની પડતર જગ્યા ઉપર સ્વખર્ચે દુકાન બનાવી ભાડે લેવા ઈચ્છુક વેપારીઓએ સંપર્ક કરવો
: મળો :
મુનાફ દરબાર
જેલ રોડ, અલંકાર પાસે જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ
ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જુનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

અમારી બીજી બ્રાંચ ઝાંઝરડા રોડ ગાયત્રી સ્કુલની સામે
સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● લસણીયા બટેટા
● મસાલાપુરી ● ભેળ ● સમોસા રગડો
● દહીપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● સેવપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

૪૮ વર્ષ થયા એક જ નામ
વિજય ઘી ડીપો
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું શુધ્ધ ઘી મળશે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
આઈસ્ક્રીમ
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

વંદના સ્પેશિયલ
- સ્પે. પંજાબી પફ
- ઘઉંની બ્રેડ (આટાબ્રેડ)
- સ્પે. પફ/પીઝા, ખારી
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ ફોન : ૨૬૨૪૨૪૪
નારાયણ બેકરી
સુખનાથ ચોક
ફોન : ૨૬૨૩૨૨૪

# જૂનાગઢ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ન્યાય યાત્રા અંતર્ગત કોવીડથી મૃત્યુ પામેલાના પરીવારને સાંત્વના પાઠવાઈ



જૂનાગઢ, તા.૨૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અરજણભાઈ મોઢવાડીયા અને વરીષ્ઠ કાર્યકર્તાઓ દ્વારા કોવીડથી મૃત્યુ પામેલા મૃતકોને શ્રધ્ધાંજલી તેમજ સાંત્વના પાઠવવાના કાર્યક્રમના ભાગરૂપે ગઈકાલે જૂનાગઢ ખાતે ન્યાય યાત્રા અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો અને આગેવાનોએ અસરગ્રસ્ત પરીવારોની મુલાકાત લીધી હતી અને તેઓને ન્યાય અપાવવા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા માટે કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ હતું.

જૂનાગઢ શહેર કોંગ્રેસ સમિતી દ્વારા જૂનાગઢ મહાનગરમાં કોવિડથી મૃત્યુ પામેલા દરેક મૃતક ને શ્રદ્ધાંજલી, સાંત્વના આપવા તેમજ પરિવારની આપવીતી સંભાળવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વે પ્રમુખ અર્જૂનભાઈ મોઢવાડીયા, શહેર કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ પટેલની આગેવાનીમાં ધારાસભ્ય ભીખાભાઈ જોશી, હર્ષદભાઈ રીબડિયા, બાબુભાઈ વાજા ઉપસ્થિતિમાં જૂનાગઢના અલગ-અલગ વિસ્તારમાં કોરોનાના લીધે મૃત્યુ પામેલા સ્વજનોના પરિવારની મુલાકાત લીધી હતી અને સાંત્વના પાઠવી તેમની આપવીતી સાંભળી અનેક પરિવારોના સારવારના અભાવે હેરાન-પરેશાન થઈ ગયેલા તેમજ ઓક્સિજન ના મળવાથી, સમયાંતરે બેડન મળવાના કારણે અનેક લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા. તમામ પરિવારની વેદના અમુક પરિવાર તો એવા છે કે એક પરિવારમાંથી એક સાથે ત્રણ લોકો મૃત્યુ પામ્યા તેમજ ગવર્મેન્ટ નોકરિયાત એકના એક ઘરના મોભી તરીકે નોકરી કરી ઘર ચલાવતા હોય એ પરિવારના મુખ્ય માણસ પણ ચાલ્યા ગયા હતા. આ તમામ પરિવારોને સાંભળી તેમના ન્યાય માટે ફોર્મ ભરવામાં આવ્યા હતા તેમજ આગેવાનો કાર્યકરોએ આ તમામ પરીવારની રૂબરૂ મુલાકાત લીધી હતી. સરકાર દ્વારા આ મૃતકોને રૂા. ૪ લાખનું વળતર મળે તેમજ સરકારી તંત્રની ઘોર નિષ્ફળતાની ન્યાયીક તપાસ થાય કોવિડગ્રસ્ત તમામ દર્દીઓના તમામ મેડિકલ બિલ્સની રકમની ચૂકવણી કરે અને કોવિડથી મૃત્યુ પામેલ સરકારી કર્મચારીઓના સંતાન /પરિવારજનો પૈકી કોઈને કાયમી નોકરી મળે તેવી રજૂઆત કરવામાં આવનાર છે.

# ચીન અને લદ્દાખમાં ૧૭,૦૦૦ ફૂટની ઉંચાઈએ ટેન્કો બાદ હવે ગરૂડ કમાન્ડો તૈનાત કરાયા

## ૧૪,૦૦૦થી લઈને ૧૭,૦૦૦ ફૂટની ઊંચાઈ ઉપર વિશ્વના સૌથી ઊંચા યુદ્ધ સ્થળ ઉપર સરહદની સુરક્ષા માટે ભારતે જવાનોની સાથે ટેન્કોને પણ તૈયાર કરી છે

નવી દિલ્હી તા. ૨૮

ભારત અને ચીનના સૈન્ય પૂર્વીય લદાખમાં વાટાઘાટો મારફત વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) ઉપર સર્જાયેલો તણાવ દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ માટે પેંગોંગત્સો સરોવર પછી હવે ગોગરા ખાતે પણ બંને દેશો તેમના સૈનિકો પાછા ખેંચવા તૈયાર થયા છે.

આમ છતાં ચીનના કોઈપણ કાવતરાનો જડબાતોડ જવાબ આપવા માટે પણ ભારતે તૈયારી રાખી છે. ચીનના સામના માટે ૧૪,૦૦૦થી લઈને ૧૭,૦૦૦ ફૂટની ઊંચાઈ ઉપર વિશ્વના સૌથી ઊંચા યુદ્ધ સ્થળ ઉપર સરહદની સુરક્ષા માટે ભારતે જવાનોની સાથે ટેન્કોને પણ તૈયાર કરી છે.

આ સાથે ભારતે ચીન સામે વાસ્તવિક નિયંત્રણ રેખા ઉપર ગરૂડ કમાન્ડો ફોર્સ પણ ગોઠવી છે. ભારતીય સૈન્યે બખ્તરબંધ રેજિમેન્ટોને વિશ્વના સૌથી ઊંચા યુદ્ધ સ્થળો ઉપર તેના મશીનોનો વધુ અસરકારક રીતે ઉપયોગ કરવા માટે તેની સંચાલક પ્રક્રિયાઓને વધુ સારી રીતે વિકસાવી છે. ગયા વર્ષે ૨૦૨૦માં ભારત-ચીન સૈન્યો વચ્ચે થયેલી હિંસક અથડામણ પછી ભારતીય સૈન્યે લદાખમાં તેની સ્થિતિ મજબૂત કરવાનો નિર્ણય લઈ લીધો હતો. છેલ્લા એક વર્ષથી ચાલતા ઓપરેશન સ્નો લેપર્ડની શરૂઆત સાથે જ ભારતીય સૈન્યે લદાખમાં ભારત-ચીન સરહદના ઉંચાઈવાળા વિસ્તારોમાં ટી-૯૦ભીષ્મ અને ટી-૭૨ ટેન્કોની તૈનાત કરવાનું શરૂ કરી દીધું હતું. એટલું જ નહીં રણ અને મેદાની વિસ્તારોમાં પોતાની તાકત બતાવવા માટે બીએમપી સિરિઝ ઈન્ફન્ટ્રી કોમ્બેટ વ્હિકલ્સ પણ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ લડાકુ વાહનોને લાવવાની સાથે અત્યંત આકરા તાપમાન વચ્ચે જવાનોને તેના ઉપયોગની તાલિમ પણ આપવાનું શરૂ કરી દેવાયું હતું અને ભારતીય જવાનો હવે તેમાં નિપુણ થઈ ગયા છે. કેન્દ્રશાસિત પ્રદેશ લદાખમાંથી લોકસભામાં સાંસદ જામયાંગ ત્સેરિંગ નામગ્યાલે ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, પૂર્વીય લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા ઉપર ચીનનો સામનો કરવા ફોરવર્ડ સ્થળો ઉપર ગરૂડ કમાન્ડો ફોર્સની ટીમને તૈનાત કરવામાં આવી છે. પૂર્વીય લદાખમાં એલએસી ઉપર કેટલાક ફોરવર્ડ સ્થળો ઉપર નાઈટ લાઈટ મશીન ગન્સ, તેવોર-૨૧ અને એકે-૪૭ એસોલ્ટ રાઈફલ સાથે ગરૂડ સ્પેશિયલ ફોર્સને ગોઠવવામાં આવી છે. સૈન્યના એક અધિકારીએ જણાવ્યું હતું કે, આપણા જવાનો એક વર્ષથી પૂર્વીય લદાખમાં આ ઉંચાઈઓ ઉપર માઈનસ ૪૫ ડિગ્રી સુધીના તાપમાનનો અનુભવ કરી રહ્યા છે. આ અત્યંત આકરા તાપમાન અને ખડકાળ વિસ્તારોમાં ટેંકો ચલાવવા માટે આપણે સ્ટાન્ડર્ડ પ્રોસિજર વિકસાવી લીધી છે. હવે ભારતીય સૈન્ય ચીન વિરૃદ્ધ દરેક મોર્ચા ઉપર સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. વાટાઘાટો મારફત સરહદનો તણાવ ઘટાડવા માટે ચીન અને ભારતે પેંગોંગ સરોવર અને ગોગરા જેવા કેટલાક સ્થળો ઉપરથી જવાનોને પાછા ખેંચ્યા છે. પરંતુ હજી પણ વાસ્તવિક નિયંત્રણ રેખા ઉપર વ્યૂહાત્મક રીતે અનેક મહત્વપુર્ણ સ્થળો ઉપર બંને દેશના સૈનિકો આમને-સામને છે. આ ઊંચાઈઓ ઉપર ચીનના કોઈપણ જોખમનો સામનો કરવા માટે ભારતે ટેન્ક અને આઈસીવી સાથે તેના અભિયાનોને મજબૂત કર્યા છે અને તેના પર સતત કામ કરી રહ્યું છે. ભારતીય સૈન્યે ગયા વર્ષે એલએસી ઉપર ટેન્કો સહિતના મશીનોને રાખવા માટે એક વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ બનાવ્યું છે, જે શિયાળા દરમ્યાન મશીનોને ખુલ્લામાં પાર્ક કરવાનું ટાળી શકાય છે. હવે આ ટેન્કોના મેઈન્ટેનન્સ ઉપર વિશેષ ભાર મૂકાઈ રહ્યો છે, કારણ કે અત્યંત આકરા શિયાળામાં ઠંડી ટેન્કોના રબ્બર અને અન્ય ભાગો ઉપર અસર કરી શકે છે. આ ટેન્કોની જાળવણી થઈ શકે તો અહીં લાંબા સમય સુધી તેનો ઉપયોગ કરી શકાય છે.

# મહિલાઓના સર્વાંગી વિકાસ માટે સ્વાસ્થ્ય શિક્ષણ અને સુરક્ષા આવશ્યક : મહિલા આયોગના સભ્ય ડો. રાજુલબેન દેસાઈ

## જૂનાગઢ ખાતે નારીશક્તિ સમારોહ યોજાયો






જૂનાગઢ, તા.૨૮

મહિલાઓના સર્વાંગી વિકાસ માટે સ્વાસ્થ્ય શિક્ષણ અને સુરક્ષા અતિ આવશ્યક છે,જેના માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્રવારા તમામ પગલા લેવાઈ રહયા છે, તેમ રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય ડો. રાજુલબેન દેસાઈએ જણાવ્યું હતુ.

જૂનાગઢ કલેકટર કચેરી ખાતે નારી શક્તિ સમારોહના અધ્ક્ષક્ષસ્થાને ઉપસ્થિત ડો. દેસાઈએ વધુમાં કહ્યુ કે, મહિલાઓના સ્વાસ્થ્ય ઉપર સ્વસ્થ સમાજનો પાયો રચાઈ છે. શિક્ષણથી સમાજમાં સંસ્કાર આવશે અને મહિલાઓ સુરક્ષીત થતા સમાજ નિર્ભય બનશે.

સોશ્યલ મીડિયાના પ્રભાવ વિશે જણાવી ડો. દેસાઈએ કહ્યુ કે, સોશ્યલ મીડિયાના ફાયદા-ગેર ફાયદા સમજવા પડશે. તેમના અધિકાર વિશે અપડેટ રહેવા સાથે સ્માર્ટ માતા બનવુ પડશે. અને દિકરીને સુરજ જેવી બનાવો જેથી કોઈપણ સ્થિતીનો સામનો કરવા સક્ષમ બને તેમ ઉમેર્યુ હતું.

મહિલા સબંધી ગુન્હાઓ, સાઈબર કાઈમ, વુમન ટ્રાફીકીંગ, એચ.આઈ.વી. એઈડ્સ, બેટી બચાઓ બેટી પઢાઓ, સમય સાથે પરિવર્તન, બાળકો અને મહીલાઓના પ્રશ્નો માટે જનજાગૃતિ સહિત બાબતો અંગે મહિલા આયોગના સભ્ય ડો. રાજુલબેને માર્ગદર્શન આપ્યું હતું.

ડો. દેસાઈએ પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, મુદ્રા યોજના, ભરત ગુંથણ, મહિલાઓ દ્વારા નિર્મિત લોકલ પ્રોડકટનું માર્કેટીંગ સહિતની બાબતો અંગે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ સાથે પરામર્શ કર્યો હતો.

સરકારી કચેરીઓમાં તેમજ કોઈપણ ક્ષેત્રમાં મહિલાઓનું શોષણ ના થાય તે અંગે પુરતી તકેદારી લેવા સાથે બહેનોને સક્ષમ બનવા અને મહિલાલક્ષી રાજય અને કેન્દ્ર સરકારની યોજનાઓ લાભ લેવા ડો. રાજુલબેને અનુરોધ કર્યો હતો.

નારી શક્તિ સમારોહ સાથે કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર રચિત રાજ, જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખ, જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સેક્રેટરીશ્રી અટોદરીયા તેમજ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે મહિલાલક્ષી યોજનાઓના અમલીકરણ માટે બેઠક યોજાઈ હતી. નારી શક્તિ સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારીયા, કારોબારી ચેરમેન કંચનબેન દઢાણીયા, મહિલા કલ્યાણ સમિતિના ચેરમેન ભાનુબેન, ગીતાબેન માલમ, કનકબેન વ્યાસ સહિત મહીલા અગ્રણીઓ તાલુકા પંચાયતના મહિલા પ્રમુખ, જિલ્લા પંચાયત મહિલા સભ્યો, પ્રોજેકટ ઓફિસર શારદાબેન દેસાઈ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. સમગ્રકાર્યક્રમનું સંચાલન જિલ્લા મહિલા અને બાળ અકિકારી જીગર જશાણીએ કર્યું હતું.

# જી.એસ.એફ.એ. ગુજરાતમાં ફૂટબોલ રમતને સુદ્રઢ કરવા સુસજજ બની

## પ્રમુખ પરિમલ નથવાણીએ ફૂટબોલને નવી ઉંચાઈએ લઈ જવાની ખાતરી આપી

અમદાવાદ, તા.૨૮

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન (જી.એસ.એફ.એ.)ના પ્રમુખ પરિમલ નથવાણીએ ૨૯ ઓગસ્ટ નેશનલ સ્પોર્ટ્સ ડેને અનુલક્ષીને ફૂટબોલની રમતને વધુ સુદ્રઢ કરવાનો પુનરોચ્ચાર કર્યો હતો. કોવિડને લીધે ગુજરાતમાં મંદ પડી ગયેલ ફૂટબોલ ફરીથી મેદાનમાં લાવવા જી.એસ.એફ.એ. સુસજ્જ છે. ગુજરાતની ટીમ સિલેક્ટ કરવાના ઉદ્દેશ્ય સાથે ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટો શરૂ થઈ રહી છે. સીનિયર વિમેન્સ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટ પણ સપ્ટેમ્બરના ત્રીજા સપ્તાહથી પાલનપુર (બનાસકાંઠા)માં શરુ થશે. સીનિયર મેન્સ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ પણ ૫ ઓક્ટોબરથી રાજકોટમાં શરૂ થશે. સિલેક્ટ થયેલા ખેલાડીઓ માટે નેશનલ રમવા જતાં પહેલાં એક ૨૦દિવસનો કેમ્પ યોજાશે. જી.એસ.એફ.એ.દ્વારા રેફરીઓ માટે એક રિફ્રેશર કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે જેથી ટુર્નામેન્ટો માટે એક્ટિવ રેફરીઓ તૈયાર થઈ શકે. ભાવનગરમાં ડી લાયસન્સ કોચિંગ કોર્સ આયોજિત કરવામાં આવ્યો છે. સપ્ટેમ્બરના છેલ્લા સપ્તાહમાં આણંદમાં એક હાયર લેવલનો બી કોચિંગ કોર્સનું આયોજન છે. સી સર્ટિફિકેટ કોચિંગ કોર્સ માટેની દરખાસ્ત ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનમાં મોકલવામાં આવી છે. જી.એસ.એફ.એ. માને છે કે રેફરીઓ અને કોચ માટેના રિફ્રેશર પ્રોગ્રામો તથા ખેલાડીઓ માટે બને તેટલી વધુ મેચો ફૂટબોલને આગળ ધપાવવાનો એક રસ્તો છે. એક અન્ય મહત્વપૂર્ણ પગલામાં જી.એસ.એફ.એ. દ્વારા અત્યાર સુધી નોક-આઉટ રીતે રમાડાતી ટુર્નામેન્ટો હવે લીગ આધારિત રમાડવાનો નિર્ણય કરાયો છે જેથી ખેલાડીઓને વધુ મેચો રમવાની તક અને અનુભવ મળે. જી.એસ.એફ.એ.ની નવી ટીમમાં પ્રમુખ ઉપરાંત એક મહા મંત્રી, પાંચ ઉપ-પ્રમુખો, એક ખજાનચી અને સંખ્યાબંધ કારોબારી સભ્યો ફૂટબોલની રમતને રાજ્યમાં નવી ઊંચાઈએ લઈ જવા કટિબદ્ધ છે; એમ તેમણે કહ્યું. મૂળરાજસિંહ ચુડાસમા નવા મહામંત્રી છે. પાંચ ઉપ-પ્રમુખોમાં હનીફ જીનવાલા, પ્રદીપસિંહ વાઘેલા, જીગ્નેશ પાટિલ, ગુણવંતભાઈ ડેલાવાલા અને અરૂણસિંઘ રાજપૂતનો સમાવેશ થાય છે. જ્યારે પાંચ સંયુક્ત મંત્રીઓ છે કમલેશ સેલાર, સંદીપ દેસાઈ, હીપાલસિંહ રાણા, દિવ્યરાજસિંહ ઝાલા અને ધવલ આચાર્ય, ખજાનચી તરીકે મયંક બૂચ છે. કારોબારી સમિતિ ઉપરાંત જી.એસ.એફ.એ.માં અલગ અલગ વય જૂથોના છોકરા-છોકરીઓને ફૂટબોલ રમતા કરવા માટે વિભિન્ન સમિતિઓ બનાવવામાં આવી છે. જી.એસ.એફ.એ. સાથે ૩૩ જિલ્લા ફૂટબોલ એસોસીએશનો જોડાયેલા છે. દેશમાં ફૂટબોલની સર્વોચ્ચ સંસ્થા ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.) દ્વારા નિર્ધારિત માન્યતા પ્રાપ્ત ટુર્નામેન્ટો યોજવા અને સંચાલિત કરવા જિલ્લા એસોસિયેશનોને પ્રોત્સાહિત કરાશે. કોવિડ મહામારી ધીમે ધીમે જતી રહેશે તેવી આશા સાથે આવનારા દિવસોમાં જી.એસ.એફ.એ. પૂરા જોમસાથે ફૂટબોલને આગળ ધપાવવા તત્પર છે. ઉદ્દેશ્ય એ છે કે ફૂટબોલની રમતમાં પણ ગુજરાતનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન થાય તેમ પણ પરીમલ નથવાણીએ કહ્યું.

# જૂનાગઢનાં સંઘાડીયા બજાર ગુરૂનાનક મંદિર ખાતે વરસી ઉત્સવ ઉજવાશે

જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢમાં વસતા સર્વ સિન્ધી સમાજ સાદસંગતને જાણ કરવામાં આવે છે કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૩/૯/૨૦૨૧ને શુક્રવારના રોજ સંઘાડીયા બજાર આવેલ ગુરૂનાનક મંદિર જૂનાગઢ ખાતે શ્રી પૂજય સંત સાઈ તેજુરામ સાહેબ તથા ભાઈશ્રી ભગવાનદાસ સાહેબનો વરસી ઉત્સવ ધામધુમથી ઉજવવામાં આવશે. તા.૩/૯/૨૦૨૧ શુક્રવારના રોજ સવારે ૮થી ૯ આશાદીવાર સાહેબ ત્યાર પછી પ્રસાદી આપવામાં આવશે. સાંજે ૬ થી ૭ શ્રી સુખમની સાહેબનો પાઠ સાહેબ થશે સાંજેના ૭ થી ૯ રાજકોટ વાળા ભગતશ્રી ઉતમચંદ મ્યુઝીકલ પાર્ટી વાળાનો પ્રોગ્રામ થશે ત્યારપછી શ્રી ગુરૂગ્રંથ સાહેબનો ભોગ સાહેબ તથા આરતી થશે ત્યારપછી પ્રસાદી તથા સર્વ સાદસંગત માટે આમ ભંડારાનો આયોજન કરેલ છે તો આ વરસી ઉત્સવમાં સત્સંગ કથા-કિર્તનનો લાભ લેવા મંદિરના મહંત ગુરૂમુખદાસ વાસવાણીની યાદીમાં જણાવેલ છે.

# રવિવારે શિતળા સાતમ

શ્રાવણ વદ સાતમ ને રવિવાર તા. ૨૯-૮-૨૧ ના દિવસે શિતળા સાતમ છે. સાતમ આઠમનો તહેવાર પાંચ દિવસનો હોય છે પરંતુ તેમાં સાતમ -આઠમનું મહત્વ વધારે છે. શિતળા સાતમ એ શિતળા માતાજીની પૂજા ઉપાસનાનો તહેવાર છે.

શિતળા માતાજી સેવાના દેવી છે. આથી જે લોકો બીજાની નિઃસ્વાર્થ ભાવે સેવા કરે છે. તેના ઉપર માતાજી પ્રસન્ન થાય છે અને તેમના જીવનમાં શાંતિ આપે છે. શિતળા માતાજીની પૂજા કરવાથી નાના બાળકોને બિમારીમાંથી રક્ષણ મળે છે.

શિતળા સાતમનું પૂજન આવી રીતે કરવું

સવારે નિત્ય કર્મ કરીને સૌપ્રથમ ચુલા અથવા ગેસનું પૂજન કરવું, પૂજનમાં ચાંદલો, ચોખા કરી નાગલા ચુંદડી પધરાવા, આંબાની ડાળ રાખવી અને પ્રાર્થના કરવી કે હે શિતળા માતાજી આંબાના વૃક્ષની જેમ અમારા ઘરમાં પણ શિતળતા રહે અને આપની કૃપાદ્રષ્ટી રહે, આ દિવસે ચુલો કે મેશ સળગાવાતો નથી. આગલા દિવસે રાંધેલું ભોજન લેવું.

ત્યારબાદ મંદિરે જઈ અને શિતળા માતાજીનું પૂજન કરવું, શિતળા માતાજીને ચાંદલો ચોખા કરી દિવો કરી અને શ્રીફળ વધેરવું, અર્પણ કરવું અને ઘઉંના લોટની બનાવેલી કુબેર અર્પણ કરી પ્રાર્થના કરવી કે અમારા સંતાનોનું આરોગ્ય સારૂ રહે.

આમ આવી રીતે માતાજીનું પૂજન કરવાથી ઘરના બધાજ સભ્યોનું આરોગ્ય સારૂં રહે છે. ભારતીય સંસ્કૃતિમાં ચુલો, સગડી, ગેસ એ ઘરના દેવતા છે. અગ્નિ દેવતા છે. આમ અગ્નિ દેવનો ઉપકાર માનવા માટે બહેનો શિતળા સાતમના દિવસે સગડી કે ગેસનું પૂજન કરે છે. શિતળા સાતમના દિવસે ખેડૂતો પોતાના ઓજારોનું પૂજન કરે છે અને આ દિવસે ચુલા ઉપર રસોઈ બનાવવી નહીં આગલા દિવસનું ટાઢું ભોજન કરવું.

**– શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)**

# ભેંસાણ તાલુકાના ખેડૂતોને મુખ્યમંત્રી યોજનાની કૃષિ સહાય તાત્કાલીક ચુકવવા માંગણી

## તાલુકા કોંગ્રેસ સમિતિના નેજા હેઠળ કાર્યકરોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ, તા.૨૮

ભેંસાણ તાલુકાના વરસાદ ખુબ ઓછો પડતા પાક નિષ્ફળ જવાની ભિતી ઉભી થઈ છે જેને ધ્યાને લઈને કોંગ્રેસે મામલતદારનો આવેદનપત્ર પાઠવીને કૃષિ સહાયની રકમ ખેડૂતોને ચુકવવા અને સૌની યોજના લીંક ૪ દ્વારા ખાલી ડેમો તાત્કાલીક ભરવા માંગણી કરી છે.

ભેંસાણ તાલુકા કોંગ્રેસના પ્રમુખ અને સહકારી અગ્રણી વજુભાઈ મોવલીયાની આગેવાની હેઠળ કોંગી કાર્યકરો ગઈકાલે મામલતદાર કચેરીએ ધસી ગયા હતા અને મામલતદારનો આવેદનપત્ર પાઠવ્યું હતું જેમાં જણાવ્યા મુજબ ભેંસાણ પંથકમાં ખુબજ ઓછો વરસાદ થતા મુખ્ય પાક મગફળી, કપાસ અનસા સોયાબીન ફેઈલ થાય તેમ છે. આવી સ્થિતિ વચ્ચે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે મુખ્યમંત્રી કૃષિ સહાય યોજના હેઠળ ખેડૂતોને સહાય ચુકવવા માંગણી કરી છે. સળંગ ૨૮ દિવસ વરસાદ ના પડે તો સરકારની ગાઈડલાઈન મુજબ સહાય ચુકવવાની જોગવાઈ છે તેમ પત્રમાં જણાવ્યું છે તથા સૌની યોજના લીંક ૪ દ્વારા ૧૧૮ ડેમો ભરવાની ભાજપ સરકારે જે વાતો કરી છે તો ડેમ પણ તાત્કાલીક ભરવા માંગણી કરી છે. અત્યાર સુધીમાં ડેમ કે તળાવમાં એક પણ ટીપુ નાખવામાં આવેલ નથી તેવું પત્રના અંતે જણાવ્યું છે.

# જૂનાગઢના ભવનાથ ખાતે ૫ સપ્ટેમ્બરે સાયકલીંગ સ્પર્ધાનું આયોજન

## ૧૧ સપ્ટેમ્બરે રાજયકક્ષાની સાયકલીંગ સ્પર્ધા લાલઢોરી ખાતે યોજાશે

જૂનાગઢ તા. ૨૮

સાયકલીંગ એસોસીએશન જૂનાગઢ દ્વારા તા.૫-૯-૨૧ ને રવિવારના રોજ 'ઓપન સૌરાષ્ટ્ર એમટીબી સાયકલીંગ સ્પર્ધા ૨૦૨૧'નું ભવનાથ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં કોઈપણ ઉંમરના લોકો ભાગ લઈ શકે છે.

આ સ્પર્ધા અંડર-૧૪, અંડર-૧૭, અંડર-૧૯, અ.બ.વ.૧૯ ભાઈઓ-બ્હેનો એમ કુલ ૮ એઈજ ગૃપમાં યોજાશે. ભાગ લેનાર તમામ સ્પર્ધકને મેડલ અને માન્ય પ્રમાણપત્ર આપવામાં આવશે.

વધુમાં જણાવવાનું કે, તા.૧૧-૯-૨૧ ને શનિવારના રોજ રાજયકક્ષાની એમટીબી સાયકલીંગ સ્પર્ધા લાલઢોરી ભવનાથ ખાતે જ યોજાનાર છે. તો સૌરાષ્ટ્રની સ્પર્ધામાંથી પસંદ થયેલ ખેલાડી અને વિજેતા ખેલાડી આ રાજયકક્ષા માટે પોતાના જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

આ રાજયકક્ષાની સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી ખેલાડીઓ જૂનાગઢ ભવનાથ ખાતે આવશે અને રાજયકક્ષામાંથી વિજેતા થયેલ ખેલાડી રાષ્ટ્રીય કક્ષા (નેશનલ લેવલે)એ ભાગ લેવા ગુજરાતની ટીમમાં જશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે મો.૮૭૩૩૦ ૫૦૧૧૧/ ૯૭૧૪૧ ૮૩૨૧૨/ ૭૪૦૫૭-૪૬૯૮૪/ ૯૮૨૪૫ ૦૩૪૦૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# કોંગ્રેસનો આંતરકલહ વિપક્ષોને એક થવા દેશે ? રાજ્યોની ચૂંટણીઓ ભાજપને ભારે પડી શકે !

દેશમાં ભાજપ સિવાયના તમામ રાજકીય વિરોધ પક્ષોને એકજૂટ થવા માટે મમતા બેનર્જી દ્વારા ભરપૂર પ્રયાસો થઈ રહ્યા છે. તે સાથે સર્વ વિપક્ષોને સ્વીકાર્ય કોમન મુદાઓ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેના કારણે કોઈ પણ વિપક્ષને ભાજપ સામે લડવામાં વાંધો નહીં અને કોમન મુદ્દે દરેક વિપક્ષો લડત આપી શકે. જ્યારેક મમતા બેનરજીએ દરેક વિપક્ષ સાથે એક જ વાત કરી છે કે પ્રથમ ભાજપાના હરાવો પૂછીથી તમામ રસ્તા મળી રહેશે. તેમજ દરેક પક્ષોએ એક જૂટ થવું જરૂરી છે નહીતો મતો જે તે પક્ષો વચ્ચે વહેંચાઈ જશે અને તે કારણે ભાજપને લાભ મળે છે તે ફરી મળી શકે. જો એક નહિ થઈએ તો પછી કેટલાક પક્ષોના અસ્તિત્વ સામે પણ જોખમ ઉભા થઈ જશે. દેશમાં સૌથી જુનો અને ભારતભરમાં ગ્રામ્યસ્તર સુધી પથરાયેલો કોંગ્રેસ પક્ષના આજે પણ અન્ય પક્ષો કરતા વધુ ચૂંટાયેલા સાંસદો, ધારાસભ્યો, મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તેમજ સહકારી સંસ્થાઓમાં વધુ સભ્યો ધરાવે છે.... પરંતુ વિરોધ પક્ષોની આંતરિક લડતમાં કોંગ્રેસ સહિતના દરેક વિપક્ષોની નુકશાન થયું છે. એટલે હવે ભાજપ સામે તમામ વિપક્ષોએ એક જૂટ થઈ લડવું જરૂરી છે અને આ બાબત વિપક્ષોમાં સ્વિકૃત થતી જઈ રહી છે. ત્યારે જ કોંગ્રેસમાં પંજાબ અને રાજસ્થાન સરકારમાં આંતરિક જૂથબંધીની વિગતો બહાર આવી રહી છે અને આ બંને રાજયોમાં કોંગ્રેસ માટે પ્રશ્નો ઊભા કરી દીધા છે. રાજસ્થાનનું કોકડુ હજી સુધી ઉકેલાયું નથી ત્યાં પંજાબ કોંગ્રેસમાં અમરિંદરની સરકાર સામે નવનિયુક્ત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખના કહેવાતા ૩૦ ઉપરાંત ધારાસભ્યોએ બળવાનું બ્યુગલ ફૂંકી દીધુ છે. પરંતુ કેપ્ટન મજબૂત સીએમ છે. તેઓને વાંધો છે આવે તેમ નથી. તે સાથે આગામી ચૂંટણી સીએમ કેપ્ટન અમરિંદરની આગેવાનીમાં લડવામાં આવશે તેવી કોંગ્રેસ દ્વારા જાહેરાત કરીને બળવાખોરોને ચેતવણી આપી દીધી છે. આ બધા વચ્ચે ગુજરાતમાં આજે છ-છ મહિના વિતવા છતા પ્રદેશ પ્રમુખ કે વિધાનસભા વિપક્ષ નેતાની નિમણુંક હજુ સુધી થઈ શકી નથી..... ટૂંકમાં કોંગ્રેસને ભાજપ નહીં પણ ખુદ કોંગ્રેસના જ ખતમ કરવા તરફ જઈ રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે..... આને આવી બાબતો રાજકિય ક્ષેત્રમા ચર્ચાઈ રહી છે.....!

દેશના સાત રાજયોમાં આવી રહેલી વિધાનસભા ચૂંટણીઓમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પંજાબ ભાજપને માટે તકલીફ દેહી હોઈ શકે તેવી સ્થિતિ બની રહી છે.....! યુપીમાં ભાજપની યોગી સરકારનો ગ્રાફ તદ્દન નીચે ઉતરી ગયો છે. ઉપરાંત કેટલીક કોરોના કાળની દુઃખદ ઘટનાઓ તથા કેટલીક શરમજનક ઘટનાઓએ ભાજપને નુકશાન પહોંચનારી બની રહી છે અને તેના વમળો આજે પણ યથાવત છે. તો બીજી તરફ કૃષિ કાનૂન વિરોધી કિસાન આંદોલન પણ ભાજપને મોટું નુકશાન કરશે તે પણ સ્પષ્ટ અનુભવી શકાય છે.....! તાજેતરમાં ભાજપના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિહનું નિધન થવાનો લાભ લેવા તેમના અસ્થિ કળશ યાત્રા કાઢી પરંતુ તેનો પણ લાભ મળશે કે કેમ તે મોટો સવાલ છે.... કારણ તેઓને ભાજપ શાસનમાં જ ભૂલાવી દેવાયા હતા. ટૂંકમાં ભાજપ માટે યુ.પી કપરાં ચઢાણ રૂપ બની રહેશે જ્યારે પંજાબમાં ભાજપને પગ મૂકવાની જગ્યા મળે તેમ નથી... કારણ કૃષિ કાનુન સામે કિસાન આંદોલનના પડઘા સતત ગાજી રહ્યા છે. તેમ જ એક સમયનો સાથી પક્ષ અકાલીદળ તેની સાથે બેસવા તૈયાર નથી. અને આ બધી બાબતો ભાજપને ધાર્યા બહારનું નુકશાન કરી શકે તેવી શક્યતા છે....! આ બધુ છતાં ભાજપ માટે દરવાજા ખુલી શકે છે... જો કૃષિ કાનુનો પરત ખેંચે તો.... નહીં તો... નુકશાન માટેની ભાજપાએ તૈયારી રાખવી પડશે અને પંજાબમાં ઘરે ઘરેથી ભાજપ સામે વિરોધ પ્રસરી ચુકયો છે.....!

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

યજ્ઞ, દાન અને તપ ગમે તેટલા કરો
પરંતુ શ્રધ્ધા વગર તે નકામા છે
- શ્રીમદ્ ભગવત ગીતા

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.ફરવરદીન-૧૩૯૧, મુ. મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ વદ-૬ અશ્વસ્થ મારૂતિપૂજન, રાંધણછઠ્ઠ તા.૨૮ ઓગષ્ટ ૨૦૨૧, શનિવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૧૯, ભરણી નક્ષત્ર, ધ્રુવ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૩૩, સૂ.અ.૧૯:૧૨
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : કોઈ કડવો અનુભવ થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
વૃષભ : આર્થિક લાભ મેળવી શકશો. કૌટુંબિક સામસ્યાનો ઉકેલ મળે.
મિથુન : આનંદદાયક નવિન સમાચાર મળે. કઠીન કાર્યો સરળ બને.
કર્ક : માનસિક અશાંતિ અનુભવાય. વાદ-વિવાદથી દૂર રહેવું.
સિંહ : સ્વજન સાથે સંઘર્ષ થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું હિતાવહ.
કન્યા : મુસાફરીથી સફળતા મળે. ભારે મહેનત પછી કાર્યમાં સાફળતા મળે.
તુલા : જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય. મનામાં વ્યર્થ ચિંતા રહે.
વૃશ્ચિક : પડવા વાગવાથી સંભાળવું. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
ધન : રોકાયેલા નાણાં છૂટા થાય. કાર્યબોજ વિશેષ રહે.
મકર : વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
કુંભ : આરોગ્ય બાબતે સંભાળવું. મનામાં અશાંતિ રહે.
મીન : પ્રિયજનાથી લાભ મળેવી શકશો. અપેક્ષાઓ ફળતી લાગે.

# ગુજરાતમાં કોરોનાની ત્રીજી લહેર સામે લડવા સરકારની તૈયારી, આરોગ્ય તંત્ર સજ્જ

અમદાવાદ તા.૨૮
આખા વિશ્વમાં ફેલાયેલી કોરોના મહામારીમાં ગુજરાતે પણ ઘણું સહન કર્યું અને ગુમાવ્યું પણ છે, ખાસ કરીને કોરોનાની બીજી લહેર ગુજરાત માટે ઘાતક પુરવાર થઈ હતી, સરકારની કામગીરી સામે અનેક આક્ષેપો થયા હતા, બીજી લહેરની નિષ્ફળતામાંથી શીખ લઈને સંભવિત ત્રીજી લહેર માટેની ૫૦%થી વધુ તૈયારી કરી દીધી છે આગામી દિવસોમાં ત્રીજી લહેર સામે લડવા સરકાર સંપૂર્ણ સજ્જ થઈ જશે તેવું આરોગ્ય વિભાગ માની રહ્યું છે. ત્રીજી લહેરનો મુકાબલો કરવા સરકારે એક મહિના પહેલાથી જ એક્શન પ્લાન અમલમાં મૂકી દીધો છે. કોરોનાની ત્રીજી લહેર માટે સરકારની તૈયારીઓ આ પ્રમાણે રહેશે. ગામડાના સરપંચથી લઈને સાંસદો તથા કલેકટરથી મ્યુનિસિપલ કમિશ્નરને કામે લગાડી જે તે ગામ શહેરની હાલની પરિસ્થિતિ અને ભવિષ્યમાં ત્રીજી લહેર સામે લડવા જરૂરિયાત અંગેનો વિસ્તૃત રિપોર્ટ માંગવામાં આવી રહ્યો છે. રાજય સરકારની કેબિનેટની મળેલી બેઠકમાં કોરોનાની વર્તમાન સ્થિતિ, વેક્સિનેશન, તબીબી સેવાઓ સહિત અનેકવિધ મુદ્દે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આરોગ્ય વિભાગ સાથે ત્રીજી લહેર અંગે પણ સમીક્ષા કરીને મંત્રીમંડળને માહિતગાર કર્યા હતા. વિજય રૂપાણીએ કહ્યું હતું કે, કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવારનો પહેલી લહેર અને બીજી લહેરનો જે અનુભવ, સારવાર પદ્ધતિ આપણી પાસે છે તેના આધાર ઉપર ત્રીજી સંભવિત વેવમાં ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય, મૃત્યુદર પણ સાવ ઓછો રહે એ દિશામાં પ્રયત્નશીલ રહેવાની આવશ્યકતા છે. તેમણે થર્ડવેવથી બચવા-રક્ષણ મેળવવા રાજયમાં મોટાપાયે લોકોનું વેક્સિનેશન થાય તે માટે તજજ્ઞ તબીબો પ્રચાર-પ્રસારમાં રાજ્ય સરકાર સાથે જોડાય તેવી અપિલ પણ કરી હતી. આ ટાસ્ક ફોર્સ કમિટિની ઉચ્ચસ્તરીય બેઠકમાં મ્યુકોરમાયરોસીસના રોગચાળા અનેતેની સારવાર અંગેપણ ચર્ચા હાથ ધરાઈ હતી. ગુજરાતમાં કોરોનાની પહેલી લહેર કરતા બીજી લહેર ખુબજ ઘાતક બની ગઈ હતી. ખાસ કરીને હોસ્પિટલમાં બેડ, ઓક્સિજન અને દવાઓ સહિત ઈનજક્શનની અછત સર્જાતા રાજ્યમાં મેડિકલ ઈમર્જન્સી જેવી સ્થિતિ ઉભી થઈ હતી. તેમજ બીજી લહેરમાં ગામડાઓ ઝપેટમાં આવી જતા ટાંચા સાધનોને કારણે ગામડાઓમાં કોરોનાએ હાહાકાર મચાવી દીધો હતો. કોરોનાની બીજી લહેરમાં સરકારની નિષ્ફળતામાંથી બોધપાઠ લઈને સંભવિત ત્રીજી લહેર સામે સરકાર સજાગ બની ગઈ છે અને તેના માટે તંત્રને કામે લગાડી દીધું છે. ગુજરાતમાં બીજી લહેરના કહેર દરમ્યાન દૈનિક મહત્તમ ૧૪૬૦૫ કેસ આવતા હતા, જયારે ત્રીજી લહેરની તૈયારીના ભાગરૂપે રોજના ૨૫ હજાર કેસ આવે તો તેને પહોંચી વળવાની વ્યવસ્થા કરવામાંઆવી છે, જયારે બીજી લહેરમાં મહત્તમ એક્ટિવ કેસ ૧ લાખ ૪૮ હજાર સુધી આવતા હતા, જ્યારે ત્રીજી લહેર સામે લડવા એક્ટિવ કેસ ૨ લાખ ૫૦ હજાર આવે તો તેનો સામનો કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

# અમારા યોદ્ધાઓ મહિલાઓનો આદર કરવા માટે તાલીમ પામેલા નથી : તાલીબાન

## સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી ઘરે જ રહેવાની મહિલાઓને સલાહ

કાબુલ તા.૨૮
છેલ્લે જ્યારે તાલિબાનો સત્તારૂઢ હતાં ત્યારે અફઘાન મહિલાઓને સામાન્ય રીતે ઘરની બહાર જવા દેવામાં આવતી ન હતી સિવાય કે ખાસ કારણો હોય અને જે મહિલાઓ ઘરની બહાર નીકળવાનું જોખમ કરતી હતી તેને માર મારવામાં આવતો હતો અથવા ફાંસીએ લટાવી દેવામાં આવતી હતી. હવે જ્યારે ફરી તાલિબાનો સત્તા ઉપર આવ્યાં છે ત્યારે તેમના નેતાઓએ એવો આગ્રહ રાખ્યો છે કે આ વખતે સમય અલગ હશે. તેમનું કહેવુંછે કે મહિલાઓને હવે કામ કરવા દેવામાં આવશે. છોકરીઓ શાળાએ જઈ શકશે. પરંતુ શરૂઆતના સંકેતો આશાસ્પદ નાથી. કારણ કે તાલિબાનના પ્રવકતાએ મંગળવારે એક નિવેદન કર્યુંછે કે મહિલાઓએ હાલ પૂરતું તો ઘરમાં જ રહેવું અને બહાર નહીં નીકળવું. શા માટે ? આ વખતે એવું કારણ આપ્યું છે કે કેટલાક તાલિબાની આતંકીઓ અને યોદ્ધાઓને મહિલાઓનો આદર કરવાની તાલીમ આપવામાં આવી નથી. તાલિબાની પ્રવકતા રવિઉલ્લાહ મુજાહિદે જણાવ્યું છે કે મહિલાઓની સુરક્ષા માટે હાલ આ હંગામી નીતિ અપનાવવામાં આવી છે. જ્યાં સુધી તાલિબાનો મહિલોઓની સુરક્ષા સુનિશ્ચિત ન કરે ત્યાં સુધી તેઓએ બહાર નીકળવું નાહી. મુજાહિદે એવું જણાવ્યુંછે કે અમારા તાલિબાની દળો નવા છે. તેઓ કદાચ મહિલાઓ સાથે દુર્વ્યવહાર કરી શકે છે કારણ કે તેમનો હજુ મહિલાઓનો આદર કરવાની તાલીમ આપવામાં આવી નથી. અમે એવું ઈચ્છતા નથી કે અમારા તાલિબાની દળો મહિલાઓને નુકસાન કરે કે તેમનો હેરાન કરે. મુજાહિદે જણાવ્યું છે કે નવી પ્રોસિઝર નક્કી ન થાય ત્યાં સુધી મહિલાઓએ ઘરે જ રહેવું જોઈએ અને તેમના પગાર તેમના ઘરે જ પહોંચાડવામાં આવશે. તાલિબાનની સંસ્કૃતિ બાબતોની સમિતિના નાયબ નેતા અહમદુલ્લા વાસિદે આ સપ્તાહે ધ ન્યૂયોર્ક ટાઈમ્સને પણ જણાવ્યું હતું કે જો મહિલાઓ હિજાબ પહેરે તો તાલિબાનોને આવી નોકરિયાત મહિલાઓ સામે વાંધો નથી. પરંતુ તેમણે કહ્યું હતું કે અમે મહિલાઓને હાલ સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી ઘરે જ રહેવાની સલાહ આપીએ છીએ. અત્યારે લશ્કરી સ્થિતિ છે. જો કે મહિલાઓના જીવન ઉપરના નિયંત્રણો એ કામચલાઉ છે એ વાત અફઘાન મહિલા માટે નવી નાથી. છેલ્લે જયારે તાલિબાનોએ અફઘાનિસ્તાનનો કબજો મેળવ્યો ત્યારે પણ તાલિબાનોએ આવા જ દાવા કર્યા હતાં.

# કોલકાતામાંથી રૂા.૪,૨૫૦ કરોડની કિંમતની કેલિફોર્નિયમ ધાતુ સાથે બે શખ્સો ઝડપાયા

## પોર્ટબલ મેટલ ડિટેકટર્સ, સોના-ચાંદીની ખાણની ઓળખ, ન્યુકિલયર રિએકટર્સને સ્ટાર્ટ કરવામાં આ ધાતુનો ઉપાયોગ થાય છે

કોલકાતા તા.૨૮
કોલકાતા એરપોર્ટ ઉપરથી એક વ્યક્તિ કરોડો રૂપિયાની કિંમતી ધાતુ સાથે ઝડપાઈ છે. આ વ્યક્તિ પાસેથી રેડિયોએક્ટિવ પદાર્થ કબજે લેવામાં આવ્યો છે. રિપોર્ટ્સ મુજબ સીઆઈડીએ બે લોકો પાસેથી ૨૫૦ ગ્રામ કેલિફોર્નિયમ જપ્ત કર્યું છે. જેની અંદાજીત કિંમત ૪,૨૫૦ કરોડ રૂપિયા થાય છે. ઝડપાયેલા બંને શખ્સો સૈલાન કર્માકર અને અસિત ઘોષ હુગલી જિલ્લાના રહેવાસી છે. આ આરોપીઓ પાસેથી મળેલી ધાતુનો ઉપયોગ ખાસ જગ્યાઓ ઉપર કરવામાં આવે છે. કેલિફોર્નિયમનો ઉપયોગ પોર્ટેબલ મેટલ ડિટેકટર્સમાં કરવામાં આવે છે. આ સિવાય સોના અને ચાંદીની ખાણની ઓળખ માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ન્યુકિલયર રિએક્ટર્સને સ્ટાર્ટ કરવા માટે પણ કેલિફોર્નિયમનો ઉપયોગ કરવામાં આવે છે. આ રીતે આ ધાતુ ઘણી જ કિંમત અને ઊંચા ભાવે વેંચાય છે. આ ધાતુનો ઉપયોગ તેલના કુવામાં પાણી અને તેલવાળી સપાટીને ઓળખવામાંપણ મદદરૂપ થાય છે. પગમાં કંઈક ચમકતું દેખાયા બાદ આ બંને આરોપીઓને શકના આધારે પકડીને તપાસ કરતા મોટો ભાંડો ફૂટ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. આરોપીઓના પગમાં ચમકી વસ્તુ દેખાયા બાદ તેમને તપાસ માટે રોકવામાં આવ્યા હતા જેમાં તેમની પાસે કિંમત કેલિફોર્નિયમ ધાતુ હોવાનું માલુમ પડ્યું હતું. ઝડપાયેલા બંને શખ્સો પાસેથી આ ધાતુને કબજે લઈને કાર્યવાહી કરવામાં આવી રહી છે. હવે આ ધાતુ કોના આદેશથી લઈ જવામાં આવી રહી હતી અને ક્યા કારણોથી તેનેલઈ જવામાં આવતી તેની ઊંડી તપાસ કરવામાં આવશે. કેલિફોર્નિયમ કુદરતી રીતે નથી મળતું. ૧૯૫૦માં અમેરિકાની એક લેબમાં તેને સિન્થેસાઈઝ કરવામાં આવ્યું હતું. આ એ ટ્રાન્સયુરેનિયમ એલિમેન્ટમાંથી એક છે જેને એટલા પ્રમાણમાં બનાવવામાં આવે છે કે, તે નરી આંખો જોઈ શકાય છે. તેનો રંગ ચાંદી જેવો હોય છે, જે લગભગ ૯૦૦ ડિગ્રી સેલ્સિયસ ઉપર પીગળે છે. પ્યોર રૂપમાં આ ધાતુ એટલી મુલાયમ હોય છે કે તેને બ્લેડથી સરળ રીતે કાપી શકાય છે. રૂમ ટેમ્પ્રેચર ઉપર તે કઠણ રહે છે. કેલિફોર્નિયમના તમામ આઈસોટોપ્સ પણ રેડિયોએક્ટિવ હોય છે. કેલિફોર્નિયમ માણસના શરીરમાં ઝેરી ખોરાક કે ડ્રિંક દ્વારા પ્રવેશ કરે છે. આ સિવાય રેડિયોએક્ટિવ હવામાં શ્વાસ લેવાથી તેના કણ શરીરમાં જઈ શકે છે. એકવાર શરીરમાં તે પહોંચ્યા પછી લોહીમાં માત્ર ૦.૦૫% જ મળે છે. લગભગ ૬૫% કેલિફોર્નિયમ હાડકામાં જમા થઈ જાય છે, ૨૫% લિવરમાં અને બાકી અન્ય અંગોમાં તે જમા થાય છે અથવા શરીરમાંથી બહાર નીકળી જાય છે. હાડકામાં જમા કેલિફોર્નિયમ ૫૦ વર્ષ સુધી અને લિવરમાં રહેલું કેલિફોર્નિયમ ૨૦ વર્ષ સુધી રહે છે. કેલિફોર્નિયમનું રેડિએશન ટિશ્યુને ઘણુ જ નુકશાન પહોંચાડે છે. સતત રેડિએશનના સંપર્કમાં રહેવાથી કેન્સર થઈ શકે છે.



હે વાદળો, આકાશમાં આવી અને ચાલ્યા જાવ છો તે વરસવામાં
તમને શેની શરમ નડે છે ? એ જ નથી સમજાતું !

# નોટબંધીની જેમ કેન્દ્ર સરકારની મુદ્રીકરણ યોજના પણ દેશ માટે અહિતકારી બની રહેશે

નવી દિલ્હી તા.૨૮
ધ નેશનલ મોનેટાઈઝેશન પાઈપ લાઈન મોદીના ડીમોનેટાઈઝેશનની જેમ દુઃસ્વપ્ન પુરવાર થઈ શકે છે. તેના દ્વારા જે પરિણામોના વચન આપવામાં આવ્યાં છે તેનાથી તદ્દન વિરૂદ્ધ પરિણામ આવી શકે છે. ડીમોનેટાઈઝેશન અવિચારી અને આપખુદી યોજના હતી. જ્યારે મોનેટાઈઝેશન પ્લાન કાગળ ઉપર સારો દેખાય છે પરંતુ તેનું આખરી પરિણામ ડીમોનેટાઈઝેશનની જેમ રાષ્ટ્ર માટે સંપૂર્ણ સંકટ અને વિનાશમાં પરિણમશે. એસેટ મોનેટાઈઝેશન પ્રોગ્રામ એટલે કે અસ્કયામતો મુદ્રીકરણ કાર્યક્રમનો વ્યૂહાત્મક હેતુ. ખાનગી ક્ષેત્રની મૂડી અને કાર્યક્ષમતાનો લાભ લઈને જાહેર ક્ષેત્રની અસ્કયામતોમાં મૂડીરોકાણનું મૂલ્ય વધારવાનો છે. તેમાં સરકાર કે જાહેર સત્તાવાળાઓની માલિકીની અસ્ક્યામત મર્યાદિત સમય માટે લાયસન્સ કે લીઝ ઉપર આપવાનો પણ પ્રસ્તાવ છે. એસેટ કે કેપિટલ રીસાયક્લિંગ તરીકે ઓળખાતા આ પ્રોજેકટમાં પરફોર્મિંગ એસેટ્સનું મર્યાદિત સમય માટે હસ્તાંતર અથવા બિનવ્યૂહાત્મક કે અન્ડર પરફોર્મિંગ એસેટ્સનો નિકાલ કરીને પ્રાપ્ત થનારી મૂડીનો વધુ સારા લાભ માટે અન્ય અસ્ક્યામતો કે પ્રોજેક્ટમાં પૂનઃ રોકાણ કરવાના પ્રસ્તાવનો સમાવેશ થાય છે. પરંતુ શું આ પ્લાનનું લક્ષ્ય સિદ્ધ થઈ શકશે ખરૂ ? ખાનગીકરણની વિરૂદ્ધમાં મોનેટાઈઝેશનનો અર્થ એવો થાય છે કે માલિકી સરકાર પાસે રહે છે પરંતુ નફો ખાનગી ઓપરેટર્સને જાય છે. આનો અર્થ એ થયો કે જેમને કોન્ટ્રેક્ટ આપવામાં આવશે અને ખાનગી ક્ષેત્ર અસ્ક્યામતોની તંદુરસ્તી ઉપર દુરોગામી અસરોની પરવાહ કર્યા વગર વધુને વધુ નફો રળવાનો પ્રયાસ કરશે કારણ કે તેમને તો માત્ર પોતાના મૂડી રોકાણનું મહત્તમ વળતર મેળવવા સાથે નિસ્બત હોય છે જે સરકારે અગાઉથી તેમની પાસેથી એકત્ર કરી લીધું હોય છે. આ યોજનાની સૌથી મોટી ચિંતાજનક વાત એ છે કે તેમાં વધુને વધુ મહેસુલ એકત્રિકરણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે જેનો અર્થ એ થયો કે સામાજિક પ્રતિબદ્ધતા કે જવાબદારીની કોઈ દરકાર કરવામાં આવશે નહીં. નવી યોજના હેઠળ ગ્રાહકની ખર્ચ શક્તિ ઉપર સેવાની ગુણવત્તાનો આધાર રાખશે. આમ ગ્રાહકો ઓપરેટર્સની દયા ઉપર રહેશે.

# મગર બની શિવજીએ પાર્વતીજી પરીક્ષા લીધી



## શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

ભગવાન શિવજીને પતિ તરીકે પ્રાપ્ત કરવા માટે મહર્ષિ નારદજીએ આપેલા માર્ગદર્શન પ્રમાણે વનમાં જઈ અને ઉગ્ર તપ આદર્યુ. આ તપ દરમ્યાન વનમાં પાર્વતીજીની પરીક્ષા લેવા માટે શિવજીએ સપ્તઋષિઓને મોકલેલા આ સપ્તઋષિઓએ શિવજીના કહ્યા પ્રમાણે પાર્વતીજીને શિવમાં રહેલા અનેક અવગુણોનું વર્ણન કહી સંભાળાવ્યું પરંતુ પાર્વતીજીએ તે તરફ બિલકુલ ધ્યાન ન આપ્યું અને કોઈપણ હિસાબે પતિ તરીકે શિવજી જ પ્રાપ્ત થાય તેવો અડગ નિર્ણય જાહેર કર્યો. ત્યાર પછી ભગવાન શિવજીએ પાર્વતીનો ઉગ્ર રૂપ જોઈ તેની પરીક્ષા લેવાના હેતુ સાથે ત્યાં સ્વયં પ્રગટ થાય અને પ્રાર્વતીજીને વરદાન આપી તેઓ અદ્રશ્ય થઈ ગયા. ભગવાન શિવજી અદ્રશ્ય થતાં જ અચાનક એક બાળકની ચીસો સંભળાઈ જે પોતાને બચાવવા માટે મદદ માંગી રહ્યો હતો. અવાજ સાંભળી પાર્વતીજી તે તરફ દોડ્યા ત્યાં એક તળાવ હતું તેમાં એક મગરમચ્છે બાળકને પોતાના મોઢામાં પકડેલો હતો. તે બાળકને તે તળાવની અંદર ખેંચી જવા તત્પર હતો. તે બાળકે પાર્વતીજીને જોયા અને વિનંતી કરી કે મારા માતા-પિતા કે કોઈ મિત્ર નથી માટે આપ મારી માતા બની રક્ષા કરો. પાર્વતીજી તે મગરને ઉદેશીને કહેવા લાગ્યા, હે મગર તુ આ બાળકને છોડી દે, મગર કહે છે. હું ભુખ્યો છુ. મને આહાર રૂપે મળેલ આ બાળકને ખાઈ હું મારી ભુખ ને સંતોષવા માંગુ છું. ભુખ્યો એવો હું તેને કેમ છોડી શકું. પાર્વતીજી કહે છે, મગર તુ એને છોડી દે તેના બદલામાં તને જ જોઈએ તે આપવા હું તૈયાર છું બાળકના પ્રાણની રક્ષા માટે તુ માંગે તે હુ આપીશ. ત્યારે મગરમચ્છ કહે છે, તમે આજ દિવસ સુધી જે તપ કર્યું છે. તે તપનું ફળ તમે મને આપી દો તો તુરંત જ આ બાળકને હું છોડી દઈશ. પાર્વતીજી કહે છે, હા. હું તે તપનું ફળ તને આપવા તૈયાર છુ તું તેને છોડી દે. મગર ફરી કહે છે. તમે હજી વિચારી લ્યો. જોશમાં આવી સંકલ્પ ન કરો. તમે જે તપ કર્યું છે તેવું ઉગ્ર તપ દેવતાઓએ પણ આજ દિવસ સુધી નથી કર્યું. આવા તપનું ફળ એક સામાન્ય બાળકને બચાવવામાં ચાલ્યું જશે....! પાર્વતીજી કહે છે, મેં જે નિર્ણય કર્યો છે તે નિર્ણય હું નહી બદલું. હું તને તપનું ફળ આપું છું તુ તેને જીવતો જવા દે. મગર કહે છે તમે કરેલા તપનું ફળ મને પ્રાપ્ત થતા મને દિવ્ય તેજની પ્રાપ્તિ થશે એ હું જાણું છું. જીવનભર કરેલા ઉગ્ર તપનું ફળ એક નાના બાળકને બચાવવામાં વ્યર્થ જશે. માટે તમે હજુ પણ વિચારી લો. તેના જવાબમાં પાર્વતીજી કહે છે. તપ તો હું ફરીથી પણ કરી શકવા શક્તિમાન છું. પરંતુ આ બાળકને તું ખાઈ જઈશ તો તેનું થશે. અને છોડી દઈશ તો તેને તેનું જીવન પાછુ મળશે. કહી પાર્વતીજી એ પોતાના તપનું દાન સંકલ્પ સાથે મગરમચ્છને અર્પણ કરી દીધું. કે તરત જ દિવ્ય તે જ સાથે મગરમચ્છ અલોપ થઈ ગયો. અને બાળક અદ્રશ્ય થઈ ગયું. ત્યાર પછી પાર્વતીજીએ ફરી તપ કરવાનો આરંભ કરવા માટે સંકલ્પ લીધો સંકલ્પ કરતાની સાથે જ ભગવાન શિવજી પ્રગટ થઈને બોલ્યા, હે પાર્વતી તમે ફરી કેમ તપ કરી રહ્યા છો ? પાર્વતી કહે છે, 'હે પ્રભુ મેં તમને પ્રાપ્ત કરવા માટે કરેલા તપનું ફળ એક બાળકને બચાવવા માટે દાન કરી દીધું. હવે ફરી તમને પ્રાપ્ત કરવા માટે મેં ઉગ્રતપનો પ્રારંભ કરવાનું નક્કી કર્યું છે. શિવજી કહે છે, હે, પાર્વતી તે મગરમચ્છ અને બાળક એ બંન્ને રૂપમાં હુ જ હતો. હુ જોવા માંગતો હતો કે તમારૂ ચિત્ત પ્રાણીમાત્રના સુખદુઃખને અનુભવે છે કે નહી. તમારી પરીક્ષા લેવા માટે જ મેં આ લીલા રચી હતી. પરંતુ તમે પરીક્ષામાં સફળ થયા છો. હવે તમારે તપ કરવાની કોઈ જરૂર નથી. કહી લગ્ન માટેનું વચન આપી શિવજી ત્યાંથી વિદાય થાય.

# તન અને મનને શિતળતા આપનાર શિતળા માતા : મહિલાઓ આસ્થાપૂર્વક કરે છે વ્રત પૂજન



શ્રાવણમહિનાની વદ સાતમ તીર્થીનું વ્રત શીતળા માતાજીના નામથી કરવામાં આવે છે.આ વ્રત ખાસ કરીને બહેનો કરે છે.શીતળા માતાનું વ્રતનું મહત્ત્વ એ છે કે કોઈપણ વ્રત રાખનાર એમની પૂજા કરે છે.શારીરીક, અનેપ્રારબ્ધના તાપથી મુકતથઈ જાય છે. આ વ્રત પુત્ર પ્રાપ્તિ કરવાવાળું અનો સૌભાગ્ય આપવાવાળું છે. પુત્રીની ઈચ્છા રાખવાવાળી મહીલાઓ માટે આ વ્રત ઉત્તમ કહેવામાં આવે છે.

શીતાળા માતાના વ્રતની કથા

કથા મુજબ એક શાહુકાર કે જેને સાત દિકરાઓ હતા. શાહુકારે સમય પ્રમાણે સાતો પુત્રોના લગ્ન કરી દીધા પણ કેટલાંવર્ષોપસાર થઈ ગયાબાદ પણ સાતેય પુત્રોમાંથી કોઈપણ પુત્રના ઘરે સંતાનનો જન્મ થયો નહીં.પુત્રવધુઓના ખાલીખોળા જોઈને શાહુકારની પત્નિ ખુબ જ દુ:ખી રહેતી હતી. એક દિવસ એક વૃધ્ધ સ્ત્રી શાહુકારના ઘર પાસેથી પસાર થઈ રહી હતી. અને શાહુકારની પત્નિને દુ:ખી જોઈને તેના દુ:ખનું કારણ પૂછયું. શાહુકારનીપત્નિએતે વૃધ્ધ સ્ત્રીને પોતાનાં મનની વાત કહી. તેથી તે વૃધ્ધ સ્ત્રીએ કહ્યું કેતમે તમારી સાતેય પુત્રવધુઓની સાથે મળી શીતાળા માતાજીનું વ્રત અને પૂજન કરો. તેથી શીતળા માતા પ્રસન્ન થશે. અને તમારી સાતેય પુત્રવધુઓનો પુત્ર થશે. શાહુકારની પત્નિ પછી શ્રાવણમાસની વદપક્ષ સાતમની તિથીના રોજ પોતાની સાતેય પુત્રવધુઓની સાથે મળી તે વૃધ્ધાએ બતાવેલ વિધી પ્રમાણે શીતળા માતાનું વ્રત અને પૂજન કર્યું શીતળા માતાજીની કૃપાથી સાતેય વહુઓ ગર્ભવતી થઈ. અને સમય આવ્યે દરેક વહુઓને સુંદર પુત્ર જન્મ્યાં. સમયનું ચક્ર ચાલી રહ્યું. અને ફરી શ્રાવણ મહિનાની વદ સાતમની તિથિ આવી. પરંતુ કોઈને શીતળા માતાનું વ્રત યાદ આવ્યું નહીં. આ દિવસે સાસુઓ અને વહુઓએ ગરમ પાણીથીસ્નાન કરી ગરમ ગરમ ભોજન કર્યું. આથી શીતળા માતા કોપાયમાન થયાં. અને શાહુકાર પત્નિને સ્વપ્નામાં આવીને કહ્યું કે તમે મારા વ્રતનું પાલન કર્યું નથી તેથી તારા પતિનો સ્વર્ગવાસ થયો છે. સ્વપ્ન જોઈને શાહુકારની પત્નિ ગાંડી થઈ ગઈ. ભટકી ભટકી વનમાં ચાલી ગઈ. વનમાં શાહુકારના પતિએ જોયું કે જે વૃધ્ધાએ મને શીતળા માતાનાં વ્રત કરવાનું કહ્યું હતું તે અગ્નિમાં જલી રહી છે. આ જોઈને શાહુકારની પત્નિ ચોકી ગઈ અને તેને ખાત્રી થઈ ગઈ કે આ શીતળામાતા છે. પોતાની ભુલ માટે તે શીતળા માતાનો વિંનાતી કરવા લાગી. માતાએ ત્યારે તેને કહ્યું કે તું મારા શરીર પર દહીંનું લેપન કર. તેથી તારા ઉપર દૈવિક તાપ છે તે ખત્મ થઈ જશે. શાહુકારની પત્નિએ શીતળા માતાના શરીર પર દહીંનું લેપન કર્યું તેનાથી તેનું પાગલપણું મટી ગયું. અનેતેના પતિ શાહુકારનો પ્રાણ પણ આવી ગયો.

શીતળા માતાના વ્રતની વિધિ

કથામાં શીતળા માતાના વ્રતનાં વિધીનો ઉલ્લેખ કરવામાં આવે છે તે અનુસાર શીતળા સાતમના દિવસો સ્નાન કરી, ધ્યાન કરી શીતળા માતાજીની પૂજા કરવી જોઈએ. તે દિવસો કોઈપણ ગરમ ચીજનું સેવન કરવું નહીં. તેમજ શીતળા માતાના વ્રતનાં દિવસે ઠંડા પાણીથી સ્નાન કરવું. ટાઢું ભોજન કરવું. ઉત્તરભારતનાં કેટલાક ભાગોમાં બસયર પણ કહે છે. આ બસયર એટલા માટે કહેવામાં આવે છે કે આ દિવસે લોકો રાત્રે બનાવેલ ખોરાક આખો દિવસ ખાય છે.શીતળા સપ્તમીના દિવસે લોકો ચૂલો સળગાવતા નથી પણ તેની પૂજા કરે છે.આ દિવસો ભગવાનનો પણ રાત્રો બનાવેલ વાસી ભોજન પ્રસાદના રૂપમાં ધરાવે છે. આ તિથિએ ઘરનાં દરવાજે, બારીઓ અને ચૂલામાં દહીં, ભાત ચણાના લોટની બનાવેલ વસ્તુઓ ભેટ ધરાવે છે. આ તિથિનું વ્રત કરવાથી તન અને મન (શીતળ) રહે છે.વળી શીતળાના રોગથી મુકત રહે છે. શીતળા સાતમનાં દિવસે દેશનાં કેટલાંક ભાગોમાં માટી-પાણીની રમત રમે છે. જેવી રીતે હોળીમાં રંગોથી રમે છે.



# શ્રી કૃષ્ણમ્ વંદે જગત ગુરૂમ્

સંકલન : વિજય ચુડાસમા
'કલ્યાણ'-દાતાર રોડ જૂનાગઢ.

ત્રિભૂવનનાં નાથ ભગવાન શ્રી હરીનું જન્મ અવતરણ એટલે કૃષ્ણ જન્મોત્સવ.

શ્રાવણમાસનીઅષ્ઠમીનાં રાત્રે બાર વાગ્યેપ્રભુનુંપ્રાગ્ટય થયું ભગવાનના જન્મ પ્રસંગને શાસ્ત્રચાર્યો તથા વિદ્વાનો તેમજ શાસ્ત્રકારોએ વિગતે વર્ણન સાથે વિપુલ પ્રમાણમાં લખ્યું છે. ભગવાનનાં જન્મ બાદ તેની બાળલીલા અપરંપાર છે. આથી જ ત્રણ શકિતઓ કૃષ્ણ વિનાં અધુરી છે. જેમાં કંસના પહેરગીર મઢયાં મથુરાંનાં કારાગારમાં વસુ-દેવકીની વ્યથા દયાજનક હતી. બન્નેને ડર-બીક-ચીંતાઓ સતાવતી હતી. કે કંસ તેનાં પુત્રને જરૂર મારી નાંખશે. પણ હજાર હાથ વાળાનું અવતરણ થવાનું હોય ત્યાં બે હાથ વાળાં નું શું આવે ? પણ જન્મબાદ પ્રભુની લીલા કામ કરી ગઈ. અને યમુના પાર કરી ગોકુલમાં પધરામણી કરી નટખટ નંદલાલે બધાંને ગાંડા-ઘેલા કરી મુકયાં છે. પણ અહિં જુઓ જેને જન્મ આપેલ તેનો ઉલ્લેખ શાસ્ત્રોમાં ખુબ જ ઓછો છે. કોઈને પૂછો કે! કૃષ્ણની માતા કોન છે ? જવાબ અવશ્ય મળશે. જશોદા કારણ કે પ્રભુ યોગે બધાં જ ગોકુલવાસીઓએ જશોદાને માતા તરીકે સ્વીકારી લીધેલ. જશોદાજીનાં પાત્રનેલેખકોએ મમતાંની સરવાણી કહ્યાં છે. હેત-પ્રીત-મમતાંમય જશોદાજી લાલાના તમામ તોફાનો ને હસીને જતાં કરે. ચાહે ચોરી-ચોરી માખન ખાય, ગોપીઓની મટુકી ફોડે, તે જયારે સ્નાન કરવાં જાય ત્યારે નીર્દોષભાવે વસ્ત્રો લઈ છુપાવે ગોપીઓ સ્નાન કરી બહાર આવે ત્યાં પડેલા વસ્ત્રો ન જણાય એટલે સીધો આક્ષેપ કદંબ ડાળે બેઠેલા કૃષ્ણલાલા થાય. પછી બિચારીઓ લજાઈ-શરમાઈને થોડી કડકાઈથી રોફ જમાવી ભીનાં તને એક સાથે ધમકી આપે કે લાલા અમારા વસ્ત્રો તે જ લીધાં છે. ચાલ આપી દે નહિંતર નંદબાવા ને જશોદાંને અમે કેશું. પણ નટખટ નંદલાલ હસીને કહે જાવ-જાવ આવી હાલતમાં જ જાવ. ત્યારે બધી ગોપીઓ અંદરો-અંદર વિચારે કે અલી આપણાં વસ્ત્રોતો લાલાં પાસે છે તે આપણને આપે પછી ફરીયાદ કરવાં જવાય ને આમને આમ કેમ જશું ? ત્યારે વળી બીજી બોલે એ ! સાંભળો આપણે લાલાને પ્રેમથી સમજાવી તેની પાસેથી વસ્ત્રો લઈ પછી જ જશોદામૈયા પાસે દંડ અપાવશું. બધીએ વાતોમાંસહમત થઈ મોઢાં ઉપર દયાભાવ લાવી એક સાથે બોલી : હે લાલાં અમારી જ ભૂલ છે. અમારે આમ તારી હાજરીમાં સ્નાન ન કરાય. હવે પછી અમે આવું કયારેય નહિ થવા દઈએ. બસ! અમોને માફ કરી દે. આથી મુરલી મનોહર હસી પડી બધાં વસ્ત્રો ફેંકયા સૌએ વસ્ત્રો ધારણ કરી બહાર આવી. અને નીચે પડેલ લાઠી હાથમાં લીધી. અને ઉભો રે અમારા વસ્ત્રો તારે આપવાં નહોતા. આમ બોલી લાલા તરફ દોડી. આગળ લાલો અને પાછળ ગોપી મંડળ દોડતી જાય. અંદર જઈ જશોદાને ફરીયાદ કરે. પણ અહીં ઉલ્ટું થાય. માતા જશોદા સામો ઠપકો આપી બોલે તમો ગોપીઓને કાંઈ લાજ શરમ છે કે નહીં ! કાનાને મે મારાં હાથે જ માખણ ચોરી ખાતો હતો. વૃક્ષના થળે કયારનોય બાંધ્યો છે. અને તમો કહો છો. કે અમારા વસ્ત્રો ચોરી લીધાં. ચાલો જાવ. અહિંથી જુઠ્ઠું બોલતાંશરમ નથી આવતી. આમ લીલાથી અજાણ ભોળાં જશોદાજી બધાંને ઘર બહાર કાઢયાં. ભાઈ આતો ત્રિભુવન નાથ છે. એમ કાંઈ માયા(સ્ત્રી)નાં હાથમાં થોડાં આવે. જતી-જતી ગોપીઓ મનમાં બબડે છે. અલી માતા જશોદા કદી જુઠ્ઠું બોલે નહિ નક્કી આપણો ભ્રમ હશે. આમ મનોમન વાંક પોતાનાં શીરે લઈ જે હોય તે જાણી ઘર ભણી જાય. બાલ કૃષ્ણની લીલાં નો કોઈ પાર નથી. દરેક પ્રસંગો આજે પણ લોકમુખે રમે છે. ગોકુલની સાંકળી શેરીમાં રમતો-ભમતો કાનો જયારે નીકળતો ત્યારે રસ્તામાર્ગીઓ તેનાં સ્વરૂપમાં ખોવાય જતાં હતાં. ગોપીઓ પાણી ભરવાનું ભુલી જાય. નાની હાટડીઓનાં વેપારી તોલ-માપ કરવાનું ભુલી જાય બધાં જ લાલાનેનીરખવામાં ઘડીભર ભુલી જાય.અત્ર-તત્ર-સર્વત્ર બિરાજમાન મુરલી મનોહરનું સૌંદર્યનું વર્ણન કરવું અશકય છે. તેમાં પણ મોરપીંછ-વાંસળી તથા પીળા પીતાંબર નું આગવું સ્થાન છે. કાને પડતાં જ ચરવાનું છોડી દઈ વાંસળીનાં સૂર સાંભળવાં ગાયો તત્પર બને. કારણકે સૂર હોય ત્યાં જ શ્યામ હોય. તેનાં સુર સાંભળી ગોપીઓ તેની સાસુઓને ગમે તે બહાનું બનાવી દોડી આવે. અરે ! પ્રભુનાં સુર તો ત્રીભુવન પાર કરી તેનું રસપાન દેવતાઓ-ગાંધર્વો-યક્ષો-કિન્નરોને કરાવી ગોકુલને ગાંડુ કરે. ભગવાન સદાશીવ તો વાંસળીનાં સુર સાંભળતાં જ તેઓ નટરાજરૂપધારી નૃત્ય કરતા હતાં. પશુ-પંખી, વન્યજીવો, ફુલ, ઝાડ બધાં જ સુરનું રસપાન કરતાં હતાં. કૃષ્ણની વાંસળી કાંઈ વાંસની ભુંગળી નહી હતી. તેનાં બધાં જ છીદ્રોમાં સૂર શકિતઓનો વાસ હતો. આટલું જ નહિં માતા ભગવતી સરસ્વતીની સાક્ષાત ઉપસ્થિતિ પણ હતી. લાલાને મોરપીંછ શા માટે પસંદ હતું કે મોરપીંછ રાધાજીને અતી પ્રસન્ન હતું. આથી જ કૃષ્ણવીના રાધા અધુરાં હતાં. અને રાધા વીનાં કૃષ્ણ અધુરાં હતાં. રાધાની પ્રેમ ભકિત સાથે મીરાં પણ પ્રેમ દિવાની હતી ભગવાન કૃષ્ણની બાળલીલામાં ઘણાં જ પ્રસંગો આજ વર્ષો પછી પણ લોકમુખે હંમેશા રમી રહ્યાં છે. જેમાં નાગદમન-પૂતનાં વધ-બ્રહ્માંડદર્શન ઈન્દ્રદેવનાં ગર્વનું ખંડન-ગૌવર્ધન પર્વત સહિતનાં મુખ્ય પ્રસંગો છે. શ્રાવણ માસમાં જેમ જન્માષ્ટમીનું અનેરૂં મહત્વ છે. તેમ રક્ષાબંધનનો પ્રસંગ પણ કૃષ્ણની બાળલીલા સાથે વર્ણાયેલો છે. દ્રૌપદીનાં વસ્ત્રાહરણથતાં તેની લાજ બચાવવાં કૃષ્ણએ એક હજાર આઠ સાડીઓનો વસ્ત્રપ્રવાહ છોડી ઈજજત બચાવી હતી.બાલસ્વરૂપે ઘેલું કરનારા ભગવાન શ્રીકૃષ્ણનું રૂપને જોવાં ભગવાન શીવ જોગી સ્વરૂપે પધારેલ. લાલાંએ તેનું મુખ ખોલી શીવને બ્રહ્માંડના દર્શન કરાવ્યાંહતાં.ભગવાનશ્રી વિષ્ણુનાં દશાં અવતારમાંશ્રીકૃષ્ણનું મહત્વ અનેરૂં દર્શાવ્યું છે.જે મહત્વ પ્રાપ્ત છે. તે બીજા કોઈ અવતારમાં નથી. કૃષ્ણ શબ્દનો અર્થ ધરતીમાં સુખ આપનાર થાય છે. જગતમાં દીન-રાંક દુર્બળોની રક્ષા કાજે પણ પ્રભુ દરેક અવતારમાં કૃષ્ણરૂપે અવતરેલ હતાં. સંભવામી યુગે-યુગે આ અવતારનો ચાલ્યો જ રહેશે. ભગવાનનાં રામા અવતારમાં પ્રભુએ નીતી-મતા-મર્યાદા કુટુંબ પરાયણતાનાં પાઠ શીખવ્યાં છે. જયારે કૃષ્ણ અવતારમાં છળ-કપટ-હિંસા તથા હણે તેને હણવામાં પાપ નથીનાં પાઠ જાણવા મળે છે. એકનો જન્મ બપોરે બાર વાગ્યે સુર્યની સાક્ષીમાં અને બીજાનો જન્મ રાત્રીનાં બાર વાગ્યે ચંદ્રની સાક્ષીએ થયેલ છે. બન્નેનાં સ્વભાવ પણ અલગ છે. રામચંદ્રજીને કોઈએ હસતાં જોયાં નથી તેમજ શ્યામને કોઈએ રોતાં જોયાં નથી. કૃષ્ણએ બાર વર્ષની આયુમાં અસંખ્ય લીલાઓ કરી હતી. ઘણાં પરાક્રમી રાજાઓ તથા અસુરોને હરાવી નાસ કરેલ. શ્રીમદ્ ભાગવતનાં ૭ માં અધ્યાયમાં ૧૪ શ્લોક દ્વારા શ્રીકૃષ્ણ ભગવાને કિંધું છે. કેઆ મારી દેવી માયા દુસ્તર છે. જે મારી શરણમાં આવે છે. તેઓ આ માયાને તરી જાય છે. ભગવાન શ્રી કૃષ્ણ દરેક જીવોને કર્મ કરવાનું સુચવે છે. કર્મણ્યે વાધીકા રસ્તે મા ફલેષ કદાચન દરેક માત્ર કર્મે કર્યે જવું ફળની આશા ન રાખવી.ભગવાનને માત્ર શુધ્ધ હદયભાવની જ જરૂર છે. આપણું અંત : કરણ શુધ્ધ થાય એટલે પ્રભુ અવશ્ય પ્રસન્ન થાય છે. ભગવાન અર્જુનને કહે છે. હે ધનંજય સુખ કે દુ:ખમાં જે સર્વપ્રાણી પ્રતી પોતાનાં આત્માં જેવો જ ભાવ પ્રદર્શીત કરે છે. તે યોગી છે.

આટલુંજ નહિ જે ચતુર પુરૂષ મનેઆમ પુરૂષોતમ રૂપે ઓળખે છે. તે જ સર્વ વસ્તુનાં તત્વને જાણકારો સર્વજ્ઞ છે. ભગવાન શ્રી કૃષ્ણનાં જન્મ દિવસનાં યોગગુરૂઓ તથા જયોતીર્ષાચાર્યો એ જયોતીષ શાસ્ત્ર મુજબ તેમનો જન્મ વૃષભ લગ્નમાં થયેલ.લગ્ને ઉચ્ચનો ચંદ્ર (વૃષભ) તેનાં અદ્ભુત વ્યકિતત્વનો પરીચર કરાવે છે. કૃષ્ણનાં જન્મ દિવસને પૂરા ભારતવર્ષમાં હર્ષ ઉલ્લાસ તથા ભકિતસભરથી ઉજવવામાં આવે છે. ભગવાન કૃષ્ણનું જીવન ચરીત્ર અદ્ભુત ધર્મ ભકિતભાવ સમું છે. જેઓ જન્મ-મરણથી પર છે. પણ અવતારરૂપે હોય સમય આવ્યે દેહ ત્યાગવો પડે છે. કાનાંનો જન્મ જુઓ મથુરાનાં કારાવાસમાં, બાળ તથા યુવા અવસ્થા જુઓ ગોકુલ-વૃદાંવનમાં વીતી પણ મૃત્યું (દેહત્યાગ) ઠેઠ ગુજરાતનાં સૌરાષ્ટ્રક્ષેત્ર સોમનાથ નજીક ભાલકાતીર્થ ખાતે થયો હતો. કહેવાય છે કે જૂનાગઢનાં ભકત નરસૈયાને કૃષ્ણ હાજરાં હજુર હતાં. તેની પુત્રી કુંવરબાઈનું મામેરૂ પણ લાલા એજ પુરૂં કરેલ. ભકતોનાં કાર્યને પોતાનું જ ગણી ગમે તે સ્વરૂપે પાર પાડી જતો રહેતો. વાળંદ સમાજનાં મહાન ભગત જે મધ્યપ્રદેશનાં બાંધવગઢમાં થઈ ગયેલ. તેનું નામ હતું. સેન ભગત આ ભગતનાં કામ માટે ખુદ કાળીયા ઠાકરે નાઈ(વાળંદ)નું રૂપ લઈ હજામત કરી પોતાનાં ભકતનું કાર્ય પાર પાડેલ હતું. ભગવાનની અકળલીલાનું રસપાન કરતાં નરસૈયો કહે છે. 'અખીલ બ્રહ્માંડમાં એકતું હરી, ઝૂઝવાં રૂપે અનંત ભાસે' હાલ મનાવો પ્રભુની લીલા પામવાં નીરર્થક મથે છે. ત્યારે નરસૈયાએ માત્ર રાત્રીનાં આકાશ તરફ જોયું બસ-કાળીયો તેને બ્રહ્માંડ અનંતરૂપેભાસતોજણાયો. અને ઉપરોકત ઉદ્ગાર નીકળી પડયાં.

ભગવાન તેના ભકતો વિના અધુરાં છે. તેનો મિત્ર ભાવ પણ અનેરો છે. કૃષ્ણ-સુદામાંની મિત્રાતાં, કૃષ્ણ-મીરાની અન્નય ભકિત, કૃષ્ણ-રાધા સર્વોપરીતા તથા કૃષ્ણ-યશોદાનો માતૃપ્રેમ આજ પણ જગમશહુર છે. આજે ભગત ભલે કૃષ્ણનાં ગુણગાન ગાઈ છે. પણ કૃષ્ણ આગળ તો રાધાનું નામ આવે છે. આટલે જ બધાં રાધેક્રિષ્ન બોલે છે. ત્રીભુવન નાથ અલખનો ઘણી હજાર હાથવાળાં શ્રી હરી તેનાં અનેક સ્વરૂપે યુગે-યુગે અવશ્ય પ્રગટ થાય છે. આટલે જ કહેવાય છે કે સંભવામી યુગે-યુગે આટલે જ તેનું એક નામ યુગપુરૂષ પણ છે.

શ્રાવણમાસની આ અષ્ઠમીનાં પર્વ નીમીત્તે તથા નટખટ માખણ ચોર કાનાની અદ્ભુત લીલાનું રસપાન કરી હદયને હળવું ફુલ બનાવી. સતત લીલામય બની તેને હેતનાં હાલરડાં ગાઈ ભકિતરૂપી દોરી વડે પ્રેમભાવનાં હિંડોળામાં ચાલૌ સૌ જુલાવીયે. અને લાડ લડાવીયે. જય હો.

હે પ્રભુ આજ તમારા પ્રાગ્ટય નીમીત્તે અમારાં જેવા પામર મનુષ્ય જે તમામ પ્રકારનાં અંધકારમાંભટકે છે. તેને તમો ધર્મ-ભકિત-સેવા-દાન-પુણ્યનાં પ્રકાશમાં લાવી જીવન સાર્થક કરો તેવી પ્રાર્થનાં સાથે જેઓ અધર્મી છે. પાપી છે. તેને પણ સત્યનાં પંથે લાવી જીવન સફળ બાને તેવી અપેક્ષા સાથે હદયપૂર્વકની પ્રાર્થનાં.

તો ચાલો ભગવાનનાં દિવ્ય સ્વરૂપને પામી તેનાં દર્શન કરી જીવન ધન્ય કરીએ.

શ્રી કૃષ્ણ શરણમ્ મમ: ....

# દ્વારકામાં કોણ છે ? રાજા રણછોડ છે..!

દ્વારકાની સડક અને ગલીઓમાંથી પસાર થતા ભાવવિભોર ભકતવૃંદમાંથી કોઈવાર સ્વરે સાથેનાને પુછે છે 'દ્વારકામાં કોણ છે? અને પછી તેની સાથે નાચતું આખુંય વૃંદ લહેકા સાથે જવાબ ઉછાળે છે, 'રાજા રણછોડ છે' 'દ્વારકામાં કોણ છે?' 'રાજા રણછોડ છે!'

આ જવાબનો છેલ્લો શબ્દ રોમાંચિત કરે તેવો છે એ શબ્દ છે દ્વારકામાં કોણ છે? એ સવાલના જવાબમાં જ તે વખતે હયાત સંત, શાસક કે શેઠીયાનું નામ આવી શકે છે અને વખતો વખત એ નામ બદલાઈ પણ શકે, પરંતુ બદલી શકે કે બદલાતું રહે તેવા નામનો ભકત લોકો શા માટે સંભારે? એમના દિલમાં તો ન બદલાયેલો આ જવાબ જડાઈ ગયો છે રાજા રણછોડ છે.!

રણછોડ કહેવાતા શ્રીકૃષ્ણે દ્વારકા વસાવ્યું તે સમયથી જ તેમાં હાજર રહયા કર્યા છે એટલે તેમનું દ્વારકામાં હોવાપણું એ ભુતકાળની ઘટના નથી, વર્તમાન દ્વારકામાં શ્રીકૃષ્ણ છે તો જ દ્વારકા એ દ્વારકા છે એમની હાજરી ન હોય તો દ્વારકા એ દ્વારકા નથી. વખતને ખ્યાલમાં રાખીને શ્રીકૃષ્ણ અંગેની ચર્ચા બીનજરૂરી લાગે છે. એમના વિરાટ વ્યક્તિત્વને કોઈ ચોકકસ સમય કે સ્થળની સીમામાં કેમ બાંધી શકાય?

દ્વારકામાં કોણ છે? એમ બોલાતી વખતે દ્વારકાનો અર્થ શ્રીકૃષ્ણ દ્વારા વસાવાયેલ કોઈ ચોકકસ નગરી ભલે થતો હોય, પરંતુ ગમે તે કૃષ્ણપ્રેમીનું દિલ દ્વારકા સમાન છે. એ પણ સમજવા જેવું છે. એવા દિલમાં રણછોડનું વસવુંસહજ છે. આમેય ભકતને આધીન રહેવાની પ્રભુ કૃષ્ણની પહેલી પસંદગી છે. ભકતના દિલની દ્વારકામાં બેઠા બેઠા એ ભકતો સહીત બ્રહ્માંડનો વ્યવહાર ચલાવે છે. પોતાના નામની આગળ પાછળ રાજપદ સહિતના શબ્દોને શ્રીકૃષ્ણે નિમણૂંક આપી નથી. એ તો એવા રાજા છે કે જેમનો રીતસરનો રાજયાભિષેક થયો જ નહીં. એ તો ભાવાભિષેકથી રાજા કહેવાતા આવ્યા છે. બાકી મથુરામાં દુષ્ટ કંસને માર્યા પછી ત્યાંના રાજા થવાની તક તો તેમની તરૂણ વયે જ આવી ઉભી હતી. આ પછી દ્વારકાની રાજગાદીએ બેસતા એમને કયાં કોઈ વારે એમ હતું? આમ છતાં તેમણે રાજય વહીવટ માટે ગણરાજય પધ્ધતિ પસંદ કરો. રાજગાદી ઉગ્રસેનને ધરી. આમ દ્વારકાના રાજા તો ઉગ્રસેન પરંતુ મહત્વના બધાજ નિર્ણય માટે સૌની આંખ શ્રીકૃષ્ણ ઉપર મંડાણી. આથી સત્રાજીત, કૃતવર્મા વગેરે કટાક્ષમાં શ્રીકૃષ્ણને દ્વારકાધીશ કહેતા. વખત જતા આ વ્યંગ વાસ્તવિક બની ગયો. કાંકરી ચાળો કુસુમ વર્ષામાં ફેરવાઈ ગયો. શ્રીકૃષ્ણ સૌ કોઈના દિલમાં દ્વારકાધીશ એ દ્વારકેશ રૂપે સ્થપાઈ ગયા.

આમ શ્રીકૃષ્ણ દેખીતી રીતે રાજા ન થયા પણ તેમણે અનેક દુષ્ટ રાજાઓને પછાડયા અને ઈષ્ટ રાજાઓને પુર્ન: પ્રતિષ્ઠિત કર્યા. એમ કરવા માટે એમણે અનેક પડકારો દીધા અને લીધા. છેવટે વિજય તો એમનો જ થતો રહયો. આવા શૂરા શ્યામ રણછોડ પણ કહેવાયા. રણછોડ એટલે યુધ્ધનું મેદાન છોડીને નાસી જનાર. મથુરા મુકામેથી આથમણી કોણે દોડી જવાનો એમનો હેતુ મથુરાને જાળવવાનો હતો. જરા સંધને પીઠ બતાવવાનો ન હતો. કહેવાતી કાયરતામાં પણ ભારોભાર સૂઝ અને શૌર્ય ભરેલા હોય છે તેનું સચોટ ઉદાહરણ રણછોડ શ્રીકૃષ્ણ છે. બીજાની સાલમતી ખાતર પોતાની કિર્તીને કોરાણે મુકનાર રાજા રણછોડ લોકોની દિલની દ્વારિકામાં છે, છે અને છે.. દ્વારકામાં કોણ છે? એમ પુછનાર વાસ્તવમાં અંતરમાં કોણ છે એની આંતરખોજ કરવા પ્રેરે છે અને તેનો કૃષ્ણપ્રેમી ભકતો જાતતપાસ કરીને ઝળહળતો જવાબ આપે છે, રાજા રણછોડ છે. આવો, આપણે ભકતવૃંદો સાથે સામેલ થઈને ફરી ફરીને શ્રીકૃષ્ણને અનુભવ્યા છીએ. 'દ્વારકામાં કોણ છે?' 'રાજા રણછોડ છે..!'

## આવો કૃષ્ણ જન્મને વધાવીએ...

# અધર્મીનો નાશ કરવા અને ધર્મની સ્થાપના કરવા યુગે યુગે પ્રભુ જન્મ લેતા રહે છે

અધર્મનો નાશ કરવા અને પૃથ્વી ઉપર ધર્મ સ્થાપવાયુગેયુગે પ્રભુજન્મ લેતા રહે છે. એમ ભારતભૂમિ ઉપર ધર્મસંસ્થાપન માટે વિષ્ણુએ અવતાર લીધો કૃષ્ણ તરીકે. મથુરાના રાજા કંસના મહાત્રાસમાંથી સર્વ યાદવોને, પ્રજાને, પૃથ્વીને વસુદેવ તથા દેવકીને મુકત કરવા માટે તથા ધર્મના સ્થાપન માટે, અસુરોના નાશ માટે ભક્તવત્સલ વિષ્ણુએ પૃથ્વી ઉપર જન્મ લેવાનું નક્કી કર્યું.શ્રાવણવદ આઠમના દિવસે અંધારી મેઘલી રાતે મથુરાના કારાગૃહમાં દેવકી કુખે કૃષ્ણ પ્રગટયા. આ દિવસ એટલે ભારત સમસ્તાને ભકિતરસમાં તરબોળ કરનાર જન્માષ્ટમી-કૃષ્ણાષ્ટમી.કૃષ્ણએ પોતાના કાર્યોને સિદ્ધ કરવા ગોપીઓને ઘેલું લગાડવા જન્મતાં જ ગોકુળ જવા માટે સફર ચાલુ કરી. વાદળોનો ગડગડાટ, વીજળીના કડાકા અને મુશળધાર વરસાદમાં યમુનાના તોફાની નીર ઓળંગી નવજાત કૃષ્ણ પહોંચ્યા ગોકુળ. કારાગૃહમાં જન્મનાર દેવકીપુત્રજાણે ફરી જન્મ્યા ગોકુળમાં. ગોકુળ વાસીઓને તેમણે ઘેલું લગાડયું. ગોકુળમાં અનેક અનંતલીલાઓ કરી, મુરલીના નાદે જીવમાત્રાના, જડચેતનના મન મોહયાં, અસુરોના વધ કર્યા, પૂતનાનો વધ કર્યો, ગોવર્ધન તોળ્યો, માખણ ચોર્યા, નાગદમન કર્યું. માતા જશોદાને બ્રહ્માંડ દર્શન કરાવ્યું. ગેડીદડે રમ્યા, યૌવનલીલા કરીઅને ખાસ તો યુગો સુધી અમર રહે તેવું યુગ્મ રચ્યું રાધેકૃષ્ણનું ! ગોકુળમાં રાસલીલા કરવામાંસંમલિત રહ્યાંપણ કંસવધરૂપી જીવનધ્યેય ન ભૂલ્યા, બધાંને વિરહ વેદનાના સાગરમાં ડૂબાડી ફરી સફર આદરી ગોકુળથી મથુરાની, મથુરા આવી તેમણે પૃથ્વીને પીડનાર મામાકંસનો વધ કર્યો, આસુરીવૃત્તિ, અધર્મ અને અનીતિનો વધ કર્યો, અને ગોપાલ કૃષ્ણ બન્યા મથુરાના રાજવી ! મથુરાથી હસ્તિનાપુર જઈ પાંડવો સાથે રહીને કુરૂક્ષેત્રમાંફરી એક વાર દુર્યોધનરૂપી અધર્મ, અનીતિરૂપી અસૂરનો વધ કરાવ્યો., અને આ જ મહાસંગ્રામમાં વહાવી. પાંડવોને જિતાડયા પછી ફરી આવ્યા કર્મભૂમિ સૌરાષ્ટ્ર-દ્વારિકામાં.દ્વારિકામાં વર્ષો શાસન કર્યા પછી ભાલકાતીર્થમાં એક સામાન્ય પારધીના તીરથી સુદર્શન સ્વામી મૃત્યુને પામ્યા ! કારાગૃહથી સફર શરૂ કરી જગતાનો ઉધ્ધાર કરી ભાલકાતીર્થ વિશ્વેશ્વર અનંતમાં વિરમ્યા ! શ્રીકૃષ્ણ માનવજીવનના અજર-અમર ભોમિયા છે. આજે પણ એ મહા તત્વજ્ઞાની આપણને પ્રેરણા આપવા ઉભા છે. જન્મથી મૃત્યુ સુધીનું તેમનું સમગ્ર જીવન એક બોધ છે. કૃષ્ણ કારાગૃહમાં જન્મ્યા. સમગ્ર જગત જ કામ, ક્રોધ, લોભ, મોહમાયારૂપી બંધનોથી ભરેલું કારાગૃહ જ છે. બાલકૃષ્ણનો જન્મ થતાં જ જેલના દ્વારા ખુલી ગયા હતા અને વસુદેવની બેડીઓ છુટી ગઈ હતી તેમ આપણા જીવનમાં પણ પ્રભુનુ આગમન સાચા અર્થમાં થાય તો તમામ સાંસારીક માયાના બંધનોથી છુટી જવાય. સ્વયં કૃષ્ણએ જ કહ્યું છે. તમારા મનના માનેલાં સર્વધર્મોને ત્યજી મારા શરણે આવો, હું સર્વ પાપબેડી થકી તમને મુકત કરાવીશ. કૃષ્ણ તરફ જોનારાને કૃષ્ણ પોતાના લાગતા. શણગાર તરીકે તે માથે મોરપીંછ અને ગળામાં ચણોઠીની માળા ધારણ કરતા, ભરવાડોની વેણુ-વાંસળીને તેમણે પોતાના શોખની વસ્તુ બનાવી, ગેડીદડા જેવી રમત તથા મલ્લકુસ્તી જેવા કસરતના દાવોને પ્રચલિત કર્યા. કૃષ્ણ નાના હતા ત્યારે માખણ ચોરીને ખાતા અને સૌ ગોપમિત્રોને ખવડાવતા તેથી સૌ હૃષ્ટપુષ્ટ બનતા. માખણ એટલે નવનીત-સાર. પ્રત્યેકના ઘરમાં જ સારરૂપ છે. સદ્ગુણોછે તે માખણ સૌને ખવડાવી સંસ્કાર-સિંચન કરતા. ગોવાળિયાંઓને ભેગાં કરી કૃષ્ણએ તેમનો પ્રેમ જીતી લીધો હતો. સત્તા કે સંપતિ વિના પણ સેકડો લોકોનું સંગઠન કરી શકાય તે મુરલી-મનોહરે ગોકુળમાં કરી બતાવ્યું. કૃષ્ણને સનાતન શિશુ તરીકે જોઈ શકાય. કોઈપણ નટખટ બાળકને જોઈએ ત્યારે તેમાં જરૂર કૃષ્ણની ઝાંખી થાય ! રામનું બાળપણ બાલ્યકાળમાં પુરૂં થયું. બુદ્ધ અને ઈશુનું બાળપણ ગંભીરતામાં વિલીન થઈ ગયું પરંતુ કૃષ્ણ આજીવન બાળક રહ્યાં-બાળક જેવા નિર્દોષ રહ્યાં. તેની બાલ્ય રમતમાં તેમણે પ્રાણ પૂર્યા છે. આવો તારણ હાર, ઉધ્ધારક જન્મે ત્યારે હૈયુ પુલકીત થાય જ! કૃષ્ણ જન્મ આવે એટલે બધા જ પોતાનાં સંતાપો ભુલીજઈ ઉત્સવ ઉજવે છે. નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી નાં નારાઓ સાથે માનવ મહેરામણ હિલોળે ચઢે છે. આખું મથુરા, ગોકુળ અને દ્વારીકા શણગારાય છે. યુવાનો ઉંચે બાંધેલી મટકી ફોડી દાણ લેવા મેદાને પડે છે, પંજરીનાં પ્રસાદની લહાણી થાય છે, લોકો ઉપવાસ કરી પુણ્ય પણ આ દિવસે મેળવે છે.

સંકલન :– પ્રદિપ ખીમાણી
જૂનાગઢ.

